॥ श्रीजैनधर्मोजयति

देवचंदजी कृत काव्य

ભાગ ૨ જો.

જૈનધર્મિઓને માટે

પ્રગટ કર્તા—धर्मार्थे,

શા. અંબાલાલ લાલચંદ.

(આવૃત્તિ પહેલી.)

અમદાવાદ.

'યુનિયન પ્રિન્ટિંગ' પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કીંમત ૭ આના.

॥ श्रीजैनधर्मोजयति ॥

उमेदचंदजी कृत काव्य संग्रह.

भाग २ जो.

જૈનધર્મિઓને માટે

પ્રગટ કર્ત્તા—स्थंभतिर्थे,

શા. અંબાલાલ લાલચંદ.

(આવૃત્તિ પહેલી.)

અમદાવાદ

'યુનિયન પ્રિન્ટિંગ' પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૪૫. સને ૧૮૮૯.

કીંમત ૭ આના.

ગુરુકુળ વર્ણન.

આત્મારામ સતાવિસીનો રાગ.

ગુરૂ ઉપગારી આ ઉપગાર તમારો રે, કદીય ન વીસરૂં;
મુને ગુણકારી આ ભવપાર ઉતારો રે, મોટા જગીશ્વરૂ. એ ટેક.
ગુરૂ હરખ ચંદ્રજી હેત કારી રે, મારી કુમતી ભ્રંમના શકળ વારી; ૧
મારા ગ્નાન લોચનના દાતારી રે, મારા ગ્ના૦ ગુરૂ૦ મુને.
મુનિ ભાણુજી સુભ ભગતી લારી રે, નિત ગ્નાંન દાંનમાં ઉરમી સારી;
મારી વર્તિ શચળને દ્રઢ કારી રે. મારી૦ ગુરૂ૦ મુને. ૨
ફતેચંદ્ર મુનિ ફીકરને વારી રે, ખમ દમ સમ સરદારી;
તારો તારો ગુરૂજી તમે તપ ધારી રે. તારો૦ ગુરૂ૦ મુને. ૩
મુનીલાલ વૈરાગ દશા ઉર ધારી રે, છતિ રીદ્ધ તજી પુત્ર ધરનારી;
ગુરૂ વિનય અનુભવ ગીરધારી રે. ગુરૂ વિ૦ ગુરૂ૦ મુને. ૪
સમભાવ ધરીને વ્રત સણગારી રે, સદ બોદ્ધથી બુઝવે નરનારી;
ધન દેવકરણજીની બલહારી રે, ધન૦ ગુરૂ૦ મુને૦ ૫
અતિ ઉત્તમને મમતા ભારી રે, ખટ કાય પીયર સમતા સારી;
આદ્દે ઉત્તમ ચંદ્રજીના ગુણ ભારી રે. આ૦ ગુરૂ૦ મુને. ૬
ગીરધરજી મુની બાળ બ્રહ્મચારીરે, લઘુ વયે વૈરાગી થયા અણગારી;
નિત હરખે રમે ગ્નાન ગુલજારી રે. નિત૦ ગુરૂ૦ મુને. ૭
ખરો ખેલ ખાંડે ક્ષત્રીનો ધારી રે, વૈરાગે બિનાતજી લઘુનારી;
છગલ મુનિ સુરતિ નિજ શંભારી રે. છગ૦ ગુરૂ૦ મુને. ૮
ગુરૂ ગ્નાન વરખનાશી ઉપગારી રે, તસપસાયે અંબાલાલે ઉરધારી;
ગુરૂ કુળના ગુણ ગાયા શંભારી રે. ગુરૂકુ૦ ગુરૂ૦ મુને. ૯

અર્પણ પત્રિકા.

પરમ સ્નેહી પ્રિય મિત્ર.

શા. વખતચંદ કશળચંદ

તથા

શા. ત્રીભોવંનદાસ માણેકચંદ.

(રાગ ઓખાહરણનો)

મિત્ર મારાને કરૂં સલામ, જેની સહાયથી સર્યું શું કામ;
મારા ચિંતિત કાર્યમાં મળીયા, સત્ય સંપને વાચાથી પળીયા. ૧
નિત્ય નેકી નજર ગુણ ગારા, સુખ દુઃખમાં સામીલ મારા;
સુષ્ટ શીક્ષા દતિ હેત ધારી, દુર બુધી નિવારી હમારી. ૨
પય પાણી જું પ્રેમમાં પુરા, ચિંત સારક હીમત સુરા;
નિત્ય રીદયકમળથી ન દુરા, ધર્મિક શાધ સજનથી હજુરા. ૩
મિંત્રો મિંત્ર જગતમાં અનેક, એક નેક નહી નહી ટેક;
મારા પૂન્ય સફળથી એ લોગ, મળ્યો એકંગી પ્રીતીનો જોગ. ૪
ગુણ માર્દવાદિક અનેક, પ્રતી દીનમાં વધજો વિવેક;
તિનભુવન શોભે સુખકંદ, **વખત** સાધીને ઉગીયો ચંદ. ૫
અંગ બાજુ લાલે જડી સોહે, દેખી દેખી સજન મન મોહે;
પેખી પ્રેમ પ્રકાશીત સુર, કરૂં અર્પણ પત્રો હજુર. ૬

હું છું તમારો સ્નેહી

અંબાલાલ લાલચંદ.

પ્રસ્તાવના.

મિત્રો ! આજ કાલ દરેક સ્થળે જ્ઞાની પુરૂષોની મદદથી જૈનશાળાઓનું થયેલું સ્થાપન જોઇ આપણા સર્વ ધર્મેચ્છકોની મુખમુદ્રા ઉપર પ્રત્યક્ષ હર્ષનો બાહાર જોવાની સાથે, જૈનશાળાઓના વિદ્યાર્થિઓના કોમળ અંતઃકરણ રૂપ તરંગો પણ એકદમ જ્ઞાન રૂપ મારગ પર જુસ્સાભેર દોડતાજ નજર આવેછે, એટલુંજ નહિં પણ તેઓના ઉપકારની ખાતર, દરેક રીતે સમકીત જ્ઞાનમાં કેળવણી આપવા ધર્માચાર્ય રૂપ ચાબક પુરૂષો પણ શુદ્ધ બોદ્ધનો ચાબક લઇ જૈન સાસનના ચોગાનમાં વિનય રૂપ દોર ઝાલીને ઉભેલા પ્રત્યક્ષ દ્રષ્ટિએ પડે છે.

તે શિવાય જૈનશાળાઓમાં જોઇતાં પુસ્તકો વીગેરેના ખરચની મદદ રૂપ ખોરાકી મચકુર તરંગોને આપનાર ઉદાર્ય અને ઉત્સાહી ગ્રહસ્થો પણ દરેક સ્થળે જોવામાં આવેછે.

એમ દરેક રીતે જૈનોત્કર્શ સર્વ સ્થળે પ્રત્યક્ષ માલમ પડેછે, પરંતુ થોડી મુદતથી જ્ઞાન અભ્યાસમાં લાગુ પડેલા વિદ્યાર્થિઓની ખરી ખુબીનો દેખાવતો એટલો-જ સંતોષકારક છે કે, એમના કરેલા અભ્યાસમાંથી ધર્મ સબંધી અમુક વિષય પુછવા ધારીયે તો, તેઓ બે ધડકથી નિઃશંકપણે યોગ્ય પ્રત્યુતર આપવામાં સામ્રથ જણાય છે. કેમ ! મિત્રો!! તેઓની ત્રફનો આ થોડો સંતોષ કહેવાય કે? અહો! કાંઇ ખાંમી.-જ નહિં. જો એમ છે તો તે સંતોષની કાર્ણિક, જૈનશાળાઓને મુબારક રાખવાના પ્રયત્નોની ગોઠવણ

સર્વ જૈન ગ્રહસ્થોએ અવસ્ય કાળજી રાખવી યોગ્ય છે; સ-બબ કે આવા ધર્મોન્તિ કાર્યોમાં ઉદાર્ય ઉત્સાહને વિવેક મુ-ખત્વે છે, તેના આવેશમાં ધારેલી મુરાદો હાંસલ કરવા ધારીયે તો શું ? * * * * *

આ સારાંશમાં મુખત્વ એટલુંજ છે કે–ઉચ્છરતા ધર્મેચ્છક વિદ્યાર્થીઓનું મન દરેક રીતે સમ્યક્ત જ્ઞાન ધર્મ તરફ પ્રતિદીન સત્વર દોરાયાં કરે તેવી રીતનાં સાધનો હમેશાં; મેળવવાં, એ જીવીતર સાફલ્યતાનું હાંસલછે; એમ ધારીને અમારા વ્હાલા જૈનવિદ્યાર્થિઓના ખાસ ઉપયોગની ખાતર અમોએ કેળવણી ખાતાની પુષ્ટીનાં સાધનો સંસોધન કર-વા ધારી, વિદ્યાર્થિઓના વૃન્દને માટે ઘણી સહેલાઇથી થોડામાં વિશેષાર્થ સમજી શકે, ને દુરાચારીથી મુક્ત થઇ ધર્મમાં દ્રઢતા રહે, તેવાજ વિષયોથી ભરપુર, આ પુસ્તક મુનીશ્રી ઉમેદ ચંદજી કૃત્ય કાવ્ય સંગ્રહ ભાગ ત્રીજો તેમાંના દરેક વિષયો પરથી. જ્ઞાન, દયા, વૈરાગ્ય, ક્ષમા, લજા, સત્ય, શિયળ વિ-ગેરે સદગુણની વૃદ્ધિ થયા વગર રહેશે–જ નહિં. એમ સુફર કરી આ પુસ્તક છપાવી પ્રસિદ્ધ કરવામાં આવ્યુંછે, તેમાં મા-રાથી કોઇ પણ કાનો, માત્રા, હ્રસ્વ દિર્ઘ કિંવા દ્રષ્ટિદોષ રહ્યો હોયતો મિત્રો આપ પાંસે ક્ષમા માગી વિનંતી કરૂં-છુંકે–જો મને સૂચના કરશો તો બીજી આવૃતીમાં આભારની સાથે અમલમાં લાવીશ.

સંસ્થાન ખંભાત. **લી. શુભેચ્છક**

તા-૧–૬–૮૯ **શા. અંબાલાલ લાલચંદ**

પ્રગટ કર્ત્તા.

अनुक्र माणिका.



उमेदचंदजी कृत्य काव्यसंग्रह.

ભાગ ૩ જો.

મંગળા ચરણ.

સાર્દુલ વિક્રીડિત વૃતમ.

શ્રી આદી જિન ગુણ નીધિ થિરતા તીર્થાદિ ધુરે[૧]કતાં,
મીત્યાદી વ્રદ્ધમાંન નાણ વિમળા ક્ષાંતી ધર્મા વાચતા[૨];
દાતા સાંત [૩]સુદ્ધાજ સૂમતિ કળાત્રી[૪]રત્ન વંદૂ મુદા[૫],
ભક્તી ભાવ જનો સદા ચિત રમે વીઘ્નો ન આવે કદા. ૧

જ્ઞાનિને નમસ્કાર કરી જ્ઞાનના મહીમા વિષે.

દુમીલા છંદ.

ચણાંબુજ[૬] આપ તણે નિજ સેવક નામિ સદા શિપ કાજ સરે,
તુજ નામ તણી ગુણ કીર્ત ઘણી સુદ્ધ બૌદ્ધ ભણી ચિત આસ ધરે;
ધન[૭]ઘાતિ હણે તુજ નામ ગુણે ત્રિહુ રત્ન થુણે[૮]જડતાજ[૯]હરે,
ધનરે ધનરે ત્રિહું લોક ધણી તુજ જ્ઞાન સુણી હઠ વાદિ ડરે. ૨

---

૧ પ્રથમ. ૨ બોલતા. ૩ અમૃત્ય. ૪ જ્ઞાનાદી ત્રણ. ૫ ઉત્સાહથી. ૬ પદ કમળ. ૭ આતમની. ૮ સ્તવનાથી ૯ મુરખતા.

જ્ઞાનીના જ્ઞાનમાં દયાના પ્રભાવ વિષે.

"મનહર છંદ"

વિત્યા જેને રાગ દ્વેષ મોહ ને અંતર લેષ,
કેવળ નાણને દર્શ લઈ વદે જ્ઞાનકું;
સ્યાદ વાદ[1] નિરાપક્ષ સંગ્રહી આતમ લક્ષ,
ખટ[2]કાય જંત રક્ષ દિય અભેદાંનકું.
આપ દયા કરી પરદયાસેં ઉમંગ ધરી,
નિરવદ્ય[3] વદેચરી[4]સુખ સબ જાંનકું[5];
એસા હે અગમ[6]નાથ આણા કહી દયા સાથ,
રૂદે ધરો એહી બાત હણો મત પ્રાણકું. ૩

એહજ જ્ઞાન ધર્મથી સિદ્ધ પદ પામ્યા તેને નમસ્કાર વિષે—મનહર છંદ.

જય જય જગ પતી સમરૂં હું અંતરથી,
અકળ[7]અગમ[8] ગતી[9]નથી જન[10]મરના;
શકળ કરમવાર પરી બ્રહ્મ નિરાકાર,
ચિદ્દાનંદ પારાવાર ભૂવ ભય હરના.
લોકાલોક ચરી[11]સબ અજાણુ ન રહે કબ,

---

૧ જથા તથા. ૨ છકાય. ૩ અહિંસામય. ૪ વાંણિ. ૫ જીવને. ૬ થીર બુદ્ધિ વીના ઓળખવાની સુગમતા ન પડે તેવા, ૭ કળવામાં ન આવે, ૮ સુગમતા ન પડે, ૯ તેના રસ્તાની ચાલ. ૧૦ જન્મ. ૧૧ વાત.

ઢી ગુણકી[1] એહી ઢબ[2] ક્ષય[3] ગત[4] ચરના[5];
એસાહે અગમ નાથ ત્રિહુ તંન વિરલાત,
જીહવાસેં તુજ ખ્યાત કરી લીયું સરના. ૪

દોહરો.

એહવા જિનનાં ચર્ણુમાં, નમણુ કરી ઉરધાર;
વંછિતકારક સર્વનો, આદેસર સિરદાર. ૫

સર્વ જિનોને નમસ્કાર કરતાં ચાર સંઘને કુષળ વિષે—હરીગિત છંદ.

જગત તારણ કર્મ વારણ બ્રહ્મ ધારણ ગુણ નિધી[6],
તુમ ચર્ણ વાસા મુજ આશા અંતર ઉલષે ત્રણ વિધી[7];
મુજ આષ પૂરો વિઘ્ન ચૂરો રંગ ઙરો જગ ધણી,
તુજ નામ ગુણ તે શ્રવણ કરતે કુશળ શ્રિ સંઘને ઘણી. ૬

સમસ્ત જિનેશ્વરોનિ સ્તવના વિષે.

રાગ ભૈરવી.

લાલ ખ્યાલ દેખે મોય મન અચરીજ ઓ, લાલ ખ્યાલ દેખે, એરાગ.
નજર કરીને જુવો પ્રભૂજી, કરૂણા સાંગર મોય લેજોજી અરજી, નજર
આપતો નિરાસી—મોયતુમ આસી, તુમગુન બીના મોયમન
બાત ન દૂજી. ન૦—૧

---

૧ બે જ્ઞાન, દર્શન ૨ સરસના. ૩ ક્ષય, ૪ ચાર ગતી,
૫ ચાલવુ, ૬ નીધ્યાંન ૭ ત્રણ કર્ણ જોગ.

બાજે અખંડ ધુંન–નાંણ દરસ ગુણ,
અગમ અગોચર[1] ત્રિલોકકી સુઝી. ન૦–૨
મેં હું અલપમત તુમ ગુન અગમ ગત,
જાણ હુવો અબ ગુરૂ મૂખે બુઝી[2]. ન૦–૩
ત્રિવીદ્ધ કરણુથી–સુખી તુંમ સરણુથી,
ઉમેદચંદ્ર ગાવે ઉરમી[3]થી રીઝી. ન૦–૪

મંગળાચર્ણ સમાપ્ત.

ગુરૂ મહીમાના બાર માસ ચાર રાગમાં.

ચાલો સખી વંદણને જઈયે, એરાગમાં ગાવા મંડી–જપટો !
કારતકે કિરપા કરી આવ્યા, કે સહુ ભાવિકને મન ભાવ્યા;
એહવા છે ગુણવંત મુનીરાયા, કે નિત નિત ગુરૂ દરસન કરીયે.
જેહ થકી ભવસાગર તરીયે, કે નીત નિત ગુરૂ દરસન કરીયે. ૧
માગસરે મન વંછીત ફળીયા, કે પુંન્ય જોગે ગુરૂ દરસન મળીયા;
ભવોભવ પાપ શકળ ટળીયા. કેનીત૦–૨
પોષેરે પરમારથ જાણી, કે અંતર ભાવે ઉમંગ આંણી;
સાંભળીયે ગુરૂ મુખની વાંણી. કે નીત૦–૩

કેજો સરીકઅજી કેમ ના આવ્યારે.

એજ રાગમાં ગવાય છે.

માઘ માસે મેલો માંન મનથી રે,

---

૧ દ્રષ્ટીએ ન આવે તેવો. ૨ ઉપદેશ લઈને. ૩ સુદ્ધ અંતઃકરણથી.

ગુરૂ વિનય કરો નિજ તનથી રે[1];
હાંરે સંપસંપી ચાલો સહુ જનથી,
લેજો ગુણ જ્ઞાનના નર નારી રે.
હાંરે જેથી ઉતરીયે ભવ પેલે પારી, લેજો૦—હાંરે૦—લે૦ ૪

ફોગટ ફાગણે ફુલ ન કરીયે રે,
વિષયને કષાય પરહરીયે રે;
હાંરે સંવર ધર્મે[2] આતમ સુદ્ધ કરીયે. લેજો૦—હાંરે૦—લે૦ ૫

ચૈતર માશે ચિંત્યા દુર કરીયે રે,
ગુરૂ વાણી સુણીને દિલ ઠરીયે રે;
હાંરે નિત્ય ધર્મ ધ્યાંને પ્રીત ધરીયે. લેજો૦—હાંરે૦—લે૦ ૬

આવોને નંદલાલ રમવા આવોને રે.

વૈસાકે વાણી તણો રસ ભારી,
સાંભળી હરખે સહુ નર નારી;
અનુભવ જ્ઞાન વિચારી, ઉરમાં લાવોને રે,
લાવોને નર નાર, ઉર૦— ૭
જેહે તે જનમ જરા દુર કરસે,
અનંત ત્રિવીધીના[3] તાપથી ઠરસે;
ભવસાગર વેગે તરસે. ઉર૦—લાવો૦—ઉર૦ ૮

---

૧ પોતાની કાયાથી. ૨ આવતા કર્મોને રોકે તેહજ ?
૩ જન્મ જરા મર્ણ.

અસાડે આસ અતી ઉર અમને,
બે કર જોડી કહું ગુરૂ તમને;
ગ્નાને વૈરાગ આતમને. ઉ૦—લાવો—ઉ૦—૯

આવે છે અંગ્રેજ ટોપીવાળો, ચલાવે રેલવે ગાડી જી રે.
એજ રાગ છે.

શ્રાવણે સરવર[1] ગ્નાનના ભરીયા, જૈન મારગ સંચરીયા[2] જીરે;
ગરવા હરવા[3]કર્મ નીસરમા[4],તરવા ભવ જળ દરીયારે. શ્રા૦—૧૦
ભાદરવામાં ભવ ભય હરણા, સર્ણા કરે હરે મરણાં જીરે;
એવા ગુણવંત ગુરૂ મન વશીયા. રશીયા શીવસુખ કરણા રે. શ્રા૦—૧૧
આસો મૈને દઇને દર્શન પર્સન કરીયા ભવને જીરે;
જૈન ધર્મનો મર્મ બતાવી, સુમત વરાવી સહુને રે. શ્રા૦—૧૨
ધર્મિ જન તો ગુરૂ ગુણ રશીયા, ઉમેદચંદ મન વશીયા જીરે;
કર્મ અરીને તપ કરી કશીયા, વિનય મન ઉલશીયા રૈ. શ્રા૦—૧૩

———○———

માહાવિરના જન્માદે મહોત્સવો વિષેની.

ગરબી.

મુને રસ્તા વચ્ચે રોકી રે છેલછબીલા છોગાળા, એમજ ગવાય છે.
વિસાળી[5] અંગ[6]વિર જનમ્યા રૈ, ચૈતર તેરસ અંજવાળી,
અધ સત[7]ખટ[8]અમરી[9]કુમારી રે, આસન કંપ્યા સમકાળી;

---

૧ સરોવર, ૨ ચાલ્યા, ૩ અપહાર કરવા તે, ૪ સર્મ રહીત, ૫ ત્રીસલારાંણી ૬ સરીરથી, ૭ સોનો અર્દ્ધ પચાસ, ૮ છો, ૯ દેવાંગન્યા.

આવિ કેળી ઘર[1] વીધ કીધી રે, મોહોચ્છવ ઉરમાં રંગ ધારી,
ચિર [2]આશીશ દઈ ઘર જાવે રે, પરથમ મોહોચ્છવ કરનારી. १
સુરપતી સક[3]કહી જેરે, આવી જીનને સિર નામી,
કર સંપુટ[4]માં જિન ગ્રાહી રે[5], મંદિર ગિર[6]પર પગ જામી[7],
તિહાં ઈંદ્ર શકળ[8]મળી આવેરે, અમરી[9]તે મંગળ રપ ગાવે,
મંજણનો મોહોચ્છવ બિન્જે રે, સુરપતિ કરીને સબ જાવે. २
નિસ અંતે[10] સાંભળી વદ્ધાઈ રે, સિદ્ધારથ નૃપ મનવા રે,
જન મોહોચ્છવ વિધ સબ કિધી રે, પરબળ[11] લાહો સાંસારે;
પછે વિર વધે પંચ ધાવે રે, ચંપક લેલી જિમ ગિરમે[12],
એમ જોબન વય ભોગ અંતે રે, વિષય સુખને તે વિરમે[13]. ३
પછે દિગ મુંદ્રા[14]દિલ ધારી રે. છદ મસ્ત[15]વર્ષ અધ બારી[16],
ક્રિરીયા વિધ પર્મ[17]કિધી રે, નિરજલ[18]સર્વે ચઉ આહારી;
પછે ક્ષય કીધા કર્મ ઘાતિ રે, કેવળ પાંમ્યા જગ સ્વામી,
મુનિ ચઉદ સહસ પરીવારી રે, વિનય ચર્ણે સિર નામી. ४

---

१ જન્મ મોહોચ્છવના ઘર, २ લાંબા વર્ષો જીવવાની, ३ દેવતાઓનો ધણી સકેંદ્ર,
४ બે હાથને વચ્ચે, ५ લઈને, ६ મેરૂ પર્બત, ७ પગ મુકીને સ્થીર થયા, ८ ચોસઠ, ९ ઈંદ્રાણીયો, १० રાત ગયા પછે ११ ઘણો, १२ પર્બતોની ગુફાઓમાં, १३ ત્યાગ કર્યો, १४ દિસાઓ રૂપ વસ્ત્રોને માન્ય ભાવ, १५ કેવળ જ્ઞાનનુ અપ્રગટવાપણું, १६ સાડાબાર, १७ સર્વોતકૃષ્ટ, १८ પાણી વીગેરેનો ત્યાગ સાથે.

છત્રીસ સહસ મણી માળા રે, શ્રમણી[1] ગુરૂ ગુણ ઉરધારી,
નિત જિન વાયકે[2] રંગ રાતી રે, સુર સિવ[3] ગતની જાનારી;
બેતાળીસ વર્ષને અંતે રે, સિધ્યા મેટિ ચૌરાસી,
મુજ મન મંદરીયે રેજો રે, મુનિ ઉમેદચંદની અરદાસી. ૫

માહાવિર ચર્મ ચૌમાસાને અંતે મોક્ષ થયા બાદ ગૌતમનો વિલાપ તે વિષે હકિકત.

દોહા.

ચર્મ[4] ચોમાસે વિરજી, આવ્યા પાવાપૂર;
ગોયમ આદે સંજતી, પેવે રહી હજુર. ૧
ચંદનાદિક શ્રમણિ સવે, મળી સહસ[5] છત્રીસ;
ભક્તિભાવ અંતર રમે, મન વચ કાય પવીત્ર. ૨
નવ લછી નવ નૃપ મલી, મળિયા હોડા હોડ;
અવર જન વળી ત્યાં રહ્યા, સઘળા કારજ છોડ. ૩
મોહ બળી ગૌતમ ઉરે, જાણિ વીર જીણંદ;
દેવ સર્મને બોદ્ધવા, વેગો જાતુ મુણંદ. ૪
કાર[6] વહી ગૌતમ ગયા, પિછે શ્રી જીનરાય;
જીવન મુક્ત થે ચાલિયા, વિદેહ આશ્રમ માંય. ૫

---

૧ સાધવીયો, ૨ વચનમાં, ૩ દેવની યા મોક્ષની, ૪ છેલ્લે, ૫ હજાર, ૬ હુકુમ લઈને,

બૌદ્ધ કરી ગૌતમ વિર પાસે આવ્યા તે સમય દિલગીરી વિષે.

હિર છંદ ચાલ જીવરાજ શેઠની મુસાફરીની.

આવિને નજીક જોઈ વીર અંગને,
વીસમીત થૈ ઘટીત નૂર ભંગને;
તાપ તંનમાં થયા અતી વિરંગને,
ચૈતના વિલુપ્ત[1] સાથ નાથ સંગને. ૧
વીર વીર મૂખ સું લવે કહે ખમા,
બોલ કોલ આપવા જુવો અમુસમાં;
આપ કાર લૈ ગયો હું બૌદ્ધવા સહી,
સારિ કામ આવિયો હજૂરમાં વહી. ૨
આપ વાચ[2] દોર ગ્રાહ ઓધરૂં અમે,
માંન સાંચ બોલ વાચ છો ગુરૂ તમે;
રોષ દોષ માહરા ભર્યા નર્યા[3] ઈહાં,
આપ રોષ આદર્યાથિ ના ઠર્યા કિહાં. ૩
રાખ પ્રેમ છોડ વેમ ખેમ કો મને,
ખાસ ભક્ત રાગ રક્ત રાખજો કને;
માહરે અતી ગુના બન્યા જિ આપના,
તે સવે હવે ગણૂ જિ વૈર પાપના. ૪
એમ કોટ કલ્પના કરી ખરી મને,
સાહિ હાથ તાત તાર તું ગરીબને;

---

૧ રહીત, ૨ વચન, ૩ ઘણા,

વીરનો વજીર એમ આરતી ધરે,
વીર તંન[૧] દેખ દેખ શોગ સું ભરે. ૫
આપને અધીર વીર માહરી ખરી,
ધારિ ધારિ સારિ સાજ આપની કરી;
વિહું દાંન આપિ શાંમ શીવને[૨] વરી,
મોરિ પીર[૩] અંત તીર[૪] કર્ણના[૫] ધરી. ૬
નાંહિ હું છકેલ મેલ ઊર ના ધરૂં,
આસ સંગ રંગમાં હું ભંગ ના કરૂં;
નેક નામ સાજ[૬] કાજ હેજ[૭] રાજનાં,
અંત રંગ ચંગ[૮] સંગ લાજ દાઝના. ૭
સંગ મેં કિયો અભંગ પ્રીત ચાખવા,
નીત નીત ચીત હીત પ્રેમ રાખવા;
પ્રીતના પ્રવેશ માંહિ કાજ મેં કર્યા,
ન્યાય નેક નામથીજ વેમ ના ધર્યા. ૮
કેળવી કળા અનેક દૂર ઠેલિયો,
રંગ સંગ ઢંગ નાહિ ખેલ ખેલિયો;
માહરો ન બેલિ તું વિસારિ મેલિયો,
તો વિના ઉદાસ થઈ હું ટેલું ટેલિયો. ૯
આપદા કરી ખરી અરે જગેસ તેં,
છેતર્યો છ છેક છેક મૂજ ના ગમે;

---

૧ શરીર, ૨ નિરૂપદ્રવી મોક્ષ, ૩ પીડા, ૪ મર્ણાંત સુધી, ૫ કાંને, ૬ નીતિ ભરેલા સુધારીને, ૭ ઘણા હેત સાથે, ૮ બહુ સારા,

પાછલી મતી સવાય મારિ બ્રહ્મની,
જાણિ નાહિ જાત તારિ રાજ ધ્રંમની. ૧૦
કેળવી ન રાજ રીત બ્રહ્મ સું ચઢ્યા,
હારિ હામ રાજ વંશિ ઘાટ તેં ઘડ્યા;
અંતરે વિચાર આપ કાંઈ ના કર્યા,
ચૌંપથી નિસા ચરી[1] જું શીવને વર્યા. ૧૧
એટલૂ ન જાણિયૂ ત્યાં કાંમ બ્રહ્મનો,
જોસ જાઈ આપતો હું ફૂળ કંમનો;
હોંસ મારિ હેતનીય મનમાં રહી,
આપ વીન દૂસરાસુ જાય ના કહી. ૧૨
ધરિયા વિચાર શાર મનમાં રહ્યા,
બોદ્ધનો ઉચાર જાણિ સર્વના કહ્યા;
મંનની મુરાદ પાર કોણ પાડશે,
હેતથી હરેક વેમ કોણ કાડશે. ૧૩
ગોયમાં ઉચાર સાથ કોણ બોલશે,
નેકનો સુબોદ્ધ ન્યાય કોણ તોલશે;
ભાવ ભેદ મર્મનાય કોણ ખોલશે,
આપના વિજોગ દુઃખ આંભ ડોલશે. ૧૪
દુઃખમાં ધકેલ મૂજ આપ ચાલિયા,
સોગનાં સતાબ કોટ[2] ઓટ[3] આલિયા;
ધર્મનાં ધુરંદ ગૂરૂ કામ સું કિયો,

૧ રાત્રે ચાલનારે ચોર, ૨ કોડ ગમે, ૩ પાછા ધક્કા.

આપના વિજોગમાં ભરાય છે હિયો. ૧૫
આસ પાસ વીર તન સર્વ હેરિયા,
જીવ મુક્ત દેખ દેહ આંસુ ઝેરીયા;
વીર વીર બોલતાંજ ચેતના ટળી,
ગોયમો વજીર જાય ધર્ણસે[1] ઢળી. ૧૬
ફ્રોમ લઈ ધરીસ ધીર સાથ વીસમે[2],
આપસે સમાધિ આંણુ મોહની દમે[3];
ગોયમો હમેષ લાર આપની રમે,
કેમ નાથ આપ બીન દૂસરો ગમે. ૧૭
મોય આસ આપની સદાય જાપથી,
આપતો અજોગ[4] મુક્ત[5] ત્રાસ તાપથી;
કોણુ વીર ગોયમો ન કોય કોયને,
ગ્યાન ધ્યાંન મેલિ મૂવો રોય રોયને. ૧૮
ધીક ધીક પ્રીત રીત ચિંત ચોર છે,
મોહ દ્રોહ આપ તાપ ભોર[6] જોર છે;
મૂલ્યથી અમૂલ્ય રત્ન ત્રય[7] આપના.
તોડશે ત્રય કર્મ રાસ ભ્રંમ તાપના. ૧૯
એમ ધ્યાંન ધીર ધારિ વારિ[8] આપને,
કોટ કર્મ ઘોર ઘંન ઘાતિ કાપને;
પર્મ[9] નાણુ દર્શ શર્વ હર્ષથિ વર્યા;

---

૧ પૃથ્વી, ૨ અનુભવી વીચારથી આશ્ચર્ય, ૩ દમન કરે, ૪ ત્રણુ જોગ રહીત, ૫ મુકાંણા, ૬ ભયંકર. ૭ જ્ઞાન દર્સન ચારીત્ર; ૮ પાછો હઠાવવુ, ૯ સર્વે ાપરી,

ચૌદ મેં અજોગ[1] લોગ અંતમેં ઠર્યા. ૨૦
પ્રીત રીત જો હતી અતી અનાદથી,
રંગ ચંગ સંગ મેં અભંગ યાદથી;
જોડ તો અખંડ હોય શીઘ્રની રહો,
આણુ તો ઉમંગ લાર ચીર[2] નિર્વહો. ૨૧
ધન ધન વીરને વજીર હોયને,
રાખતા અમાપ પ્રીત લાભ જોયને;
તેમ રીત હીતને સમીપ રાખિને,
ધોર ગૂણ જ્ઞાનનો અત્ય ચાખિને. ૨૨
સાંતના સ્વભાવ માંહિ માહરા ગુરૂ,
ખંત[3] દંત[4] રક્ષ જંત જ્ઞાન શાગરૂ;
હેમ[5] તો જડીત ચૂનિયો રૂ લાલથી,
તેમ મુજ શ્રેષ્ટ ગૂરૂ ગૂણ માળથી. ૨૩
સેવના સમાધિ સાથ તાહરી કરૂં,
દેખ દેખ આપ દર્શ[6] હેત હું ધરૂં;
ચાલ છંદ સૂખ કંદ હીર છંદની,
લીનથીજ વીનતી ઉમેદ ચંદ્રની. ૨૪
વાત સાચ મેં કહું પુરાણુ સેર છે,
નામ તો ખંભાત શ્રેષ્ટ ધર્મ લેર છે;
હોય વીષ ચાર શીર શાલનો સમો,
પોષ કૃષ્ન સપ્તમી સુસંપમાં રમો. ૨૫

---

૧ મન વચન કાયા એ ત્રણ રહીત, ૨ ઘણો કાળ, ૩ ક્ષમાગુણ, ૪ સર્વ ઇંદ્રીયોનું દમન, ૫ સોનુ, ૬ દર્સન,

રાજેમતિની ગરબી.

સોના ઉઢાંણી રૂપા બેડલુરે, નાગર ઉભા રહો રંગ રસીયા, એરાગ.
રાજુલ કર જોડી વિનવે રે, જાદવ ઉભા રહો રંગ રસીયા;
તોરણ આવી કેમ જાઓ રે, જાદવ ઉભા રહો રંગ રસીયા.
આઠે ભવનિ મારી પ્રીતડી રે, જાદવ ઉભા રહો રંગ રસીયા,
નવમે ગન્યાની ઘરે આઓ રે, જાદવ ઉભા રહો રંગ રસીયા ૧
પસુ દયા દીલમાં ધરી રે, જાદવ૦ મેલી ચાલ્યા ગીરનારરે; જા૦
ગુણ અવગુણ તણી વાતડી રે, જા૦—પુછી નહીં સીરદારરે. જા૦ ૨
જાઓ તો મુને સંગ લિજીયે રે, જા૦—મેહેર કરી માહારાજરે જા૦
પ્રીતી દાનમાં વ્રત દીજીયે રે, જા૦—સુધારો ભવોભવ કાજરે જા૦ ૩
સૈયર સાથ લઈ સાંચર્યા રે, જા૦—જઈ ભેટયા જગદીસરે; જા૦
વ્રત લઈને કેવળ પામીયા રે, જા૦—પુરી છે મન જગદીસરે;જા૦ ૪
ધન પતીને ધન કાંમની રે, જા૦—પોંત્યા મુગત ગઢ માંયરે; જા૦
ઉમેદચંદજીના ભાગ્યથી રે, જા૦—તસગુણ મુખડે ગવાયરે. જા૦ ૫

બ્રાંમી સુંદરીના ગુણ વિષે.

ગરબી.

હીંસથી ગાવા માંડો જોઇયે ગુજરી? સામી ઉભી નંદલાલ, એરાગ
સુંદરી બ્રાંમી સતી હોય લાર,
સુંદરી તો આદિ જીણુંદજીની બાળીકા રે; સુંદરી૦
સુંદરી બ્રાંમી એક અનુહાર,
સુંદરી તો તાત કુળની અજવાળીકા રે. સુંદરી૦ ૧

સુંદરી રૂપે રતી સીરદાર,
સુંદરી તો બાહુબળજીની બેનડી રે; સુંદરી૦
સુંદરી ધરે સીયળ સણગાર,
સુંદરી તો શકળ ગુણમણી વેલડી રે. સુંદરી૦ ૨
સુંદરી તજે વિષય વીકાર,
સુંદરી તો બાળપણે પ્રેમ રોચવે રે; સુંદરી૦
સુંદરી કુમત મમતની વાર,
સુંદરી તો તપે કરી તનુ સોસવે રે. સુંદરી૦ ૩
સુંદરી ધરી ધરમ મન વાર,
સુંદરી ને જૈન સાસરીયામાં ચાલવા રે; સુંદરી૦
સુંદરી કરે કરમ પરીહાર,
સુંદરી ને શીવ મંદરીયામાં માલવા રે. સુંદરી૦ ૪
સુંદરી બ્રાંમી તણાં ગુણ સાર,
પ્રીતથી અતી ઉમેદચંદ આસતા રે; સુંદરી૦
સર્વે સતી માંહે સીરદાર,
તસગુણ ગાતાં શકળ સુખ જાસતા રે. સુંદરી૦ ૫

કન્યાશાળાની કન્યાઓને હિત શીક્ષા વિષે.

ગરબી.

અંદરાસરથી ગરબો આવ્યો, અંદરાણીયે મોકલીયો જીરે, એરાગ
ચાલો સૈરૂ હરખ ધરીને, જૈનસાળામાં જઇયે જીરે;
જીન ગુણ ગાઇયે જગ જસ પાઇયે, સંપ સપીને રહીયે જીરે. ૧

અવગુણ ખામી પંચ અંગ નામી, ગુણવંત ગુરૂને નમીયે જીરે;
શીક્ષક પાસે મન ઉલાસે, ગ્નાન અભ્યાસે રમીયે જીરે ૨
અવગુણ કોઇના મર્મ ન બોલે, પર ભવ દુઃખથી ડરીયે જીરે;
ધરને ધર્મના થાનક મેલી ધર ધરમાં નહી ફરીયે જીરે. ૩
ગુરૂ ગુરૂણીને માત પીતાની, આણુ લોપ ન કરીયે જીરે;
બૌદ્ધ ધર્મનો મર્મજ લઇને, નિત નિત સદ ગુણ વરીયે જીરે. ૪
ઉમેદચંદ પ્રભુ અંતરમાં, રમણુ રમે દિલ રીઝે જીરે;
અમરાસરમાં ગરવા નરવર, કઇળ કરે રંગ ભિંજે જીરે. ૫

સુમતી આતમાને અરજ કરીને સમતા ધરમાં બોલાવે છે.

ભમર સજન પિઉ નાના છે. આ ઢાળ ઉપર તો એકદમ ચડી જાઓ!

સૈયર સુમત્ ધર આવો જીરે, મારા મુખડાની વાત સાંભળો ખાસ
અમર સજન સિવ સરમાજીરે. ટેક.
અમળવિમળ સુખકારી જીરે, કેમ કરી આસ કુમતી વાસ. અ૦ ૧
પર પરણીતીમાં ભમીયા જીરે, નિજ ધરની સાર તજી નીરધાર; અ૦
રભાક્ષય નીજ ધરનાં જીરે, હર્યા કુમતી નાર કર્યા ખુવાર. અ૦ ૨
નોય રંગ રસીયો રંગમાં જીરે, ધિગ ધિગ વિકાર ભમના લાર; અ૦
અરજી હમારી દિલ લિજે જીરે, કરો ઉરમી લાર ધરની સાર. અ૦ ૩
આતમ સુમત ધર આવો જીરે કરો રંગની રેલ સુખની કેળ; અ૦
ઉમેદચંદ્ર અવિન્યાશી જીરે, ચિદ્દ ધનરે છેલ સુમત સમેળ. અ૦ ૪

ગજ સુકમાળના પરીસહા વિષે.

ગરબી.

ડોલરીયો ફુલજીરે લોલ. આ રાગ તો ગાતાં તરતજ બેસી પડવાનો છે.

નેમજી તે ઉતર્યા વાડીયે રે લોલ, હર્ખે દ્વારાપુરીનો રાય રે;
જાદવરાય ક્હાંનજી રે લોલ. ટેક.
સેન્યા સજ કરી સામટિ રે લોલ, હર્ખે દર્સન કરવા જાય રે; જા૦ ૧
ગજ કુંમર લઘુ ભ્રાતનેરે લોલ, લાર[1]લઈ સમો સરણે થીર થાય રે;
બોદ્ધ સુણી જગ નાથના રે લોલ, કુંમર ગજ વેરાગી રાય રે. જા૦ ૨
અનુમતી નિજ માતની રે લોલ, માંગી સંજમ લઇ વન જાય રે;
ધ્યાંન ધર્યા સમસાંનમાં રે લોલ, સોમલ સસરો પરીસા દાય[2]રે.જા૦૩
લઘુ ક્ષમા ધર સાધજી રે લે'લ, કેવળ નાણ[3]લઇ સીવ[4]જાય રે;
ધન મુનિને ધન માવડીરે લોલ, ધન ધન નેમજીનંદ ગુરૂ રાયરે.જા૦૪
નિત કરૂં તસખાંમણા રે લોલ, ગુણી જન ગુણવંતના ગુણ ગાય રે;
ઉમેદચંદ્ર મુની ભાગ્યથીરે લોલ, ક્ષમા ધર્મ થકી સુખ થાયરે.જા૦૫

જૈનશાળાના વિધાર્થિયોને ગુરૂ વિનય કરવા વિષે

ગરબી.

નથડી ઘડી દે સોનારા રે, મારી નથડી ઘડી દે સોનારા. એ રાગ.

વિનય[5]કરી લે ભણનારા રે, ગુરૂ વિનય કરી લે ભણનારા;
પામે જ્ઞાંન વિસ્તારા રે, ગુરૂ વિનય. ટેક.
ગુરૂ આવે જાવે ઉઠી ઉભા થાવુ, ત્રિવીધ કરણ થિર[6]લારા રે. ગુ૦ ૧

---

૧ સાથ, ૨ દેનાર, ૩ જ્ઞાન, ૪ મોક્ષ, ૫ નમ્રતા, ૬ ઠેકાંણે રાખીને,

ઉચિત[1]આસન ગુરૂ પદ ભણી દિજે, પુછો કુશળ હિતકારા રે;
નિચે આસન આપ થિર કરી રહીયે, પછે ચરણુ[2]શેવો પ્યારારે ગુ૦ ૨
પંચાંગ નામી મુખે કિર્તન[3]કીજે, રિઝે ગ્નાન દિયે સારા રે;
પંથકે કિયો ગુરૂ વિનય સવાયો, ઉમંગી[4] નિર[5]વિકારારે. ગુ૦ ૩
વિનય કિજે ને વળી જગ જસ લિજે, દેસ વરત અણુગારા રે;
વિનય ધરમ મુળ જીનવરે ભાંખ્યો, અમ્રત વાણીનિ જળધારારે. ગુ૦ ૪
એમ વિનય કરી ગ્નાન ગુણુ લેતાં, ભવશાગર તરે પારા રે;
ઉમેદચંદ છંદ આનંદ ગાવે, કરો વિનય ગુણ ગારા રે. ગુ૦ ૫

આદેસરજીને વિનંતી કરવા વિષે.

ગરબો.

રાજગોરિ હુંરે ને હિંદવાંણી ગરાસીયા રાજીયા રે લોલ. એરાગ.

પ્રભુજી આદે–સર અવધારો અરજ એક માહેરી રે લોલ,
પ્રભુજી નાભિ–રાય તાત માત મરૂદેવા તાહેરી રે લોલ;
પ્રભુજી મેલ્યો–રે જગવાસ આસ શીવ નારનીરે લોલ,
પ્રભુજી જોગ–નો સજીસાજ સંજમ વ્રતધારની રે લોલ. ૧
પ્રભુજી ચારે–ને કમઘાતી ખપે કેવળ પામીયા રે લોલ,
પ્રભુજી સુર–ને નર આવી શકળ સિર નામીયા રે લોલ;
પ્રભુજી હુંરે–ને નેહ ધારી ઓળગ કરૂં તાહેરી રે લોલ,
પ્રભુજી આશા–ને અવલંબી તે પુર્વિ માહેરી રે લોલ. ૨
પ્રભુજી હુંરે–ને ભવ ધારી ચારે ગતમાં ફર્યો રે લોલ,

---

૧ ઊંચો, ૨ પગ, ૩ છતા ગુણની સ્તવના, ૪ ઊછરંગ સહીત, ૫ રહિત.

પ્રભુજી હું રે–ને તિણુ વાસે રતિ સુખ ના ધર્યો રે લોલ;
પ્રભુજી મારે–ને સંગ પાસ કુમત ગુરૂનો મળ્યો રે લોલ,
પ્રભુજી કુધા–રે મન મારો કુદેવ ધર્મ શાંભળ્યો રે લોલ. ૩
પ્રભુજી તિણે–થિ રંગ રાચી માચી જગ જાચના રે લોલ,
પ્રભુજી હું રે–ને હેત આણી કરી વિખ વાંચ્છના રે લોલ;
પ્રભુજી પર–ને પરણીતી વશે ભવમાં રૂળ્યો રે લોલ,
પ્રભુજી સુભ–ને સુક્રતે સિર ધણી તુંહી મળ્યો રે લોલ. ૪
પ્રભુજી હવે–ને અવધારો વારો દુઃખ માહેરા રે લોલ,
પ્રભુજી મેલી–મેં અન્ય આશા ચરણુ ગ્રહ્યા તાહેરા રે લોલ;
પ્રભુજી પ્રિતી–ના નિરવાસમાં શિવ સુખ દિજીયે રે લોલ,
પ્રભુજી ઉમે–દચંદ્રદાશ ઉગારી લીજીયે રે લોલ. ૫

ગુરૂદેવ ધર્મની મરજાદ તોડી ચાલનારા નિઃશર્મી સ્ત્રી પુરૂષોને ધિઃકારીને તેની સંગત ન કરવા વિષે

હરિગીત છંદ.

સહુ સાંભળો તજિ આંબળો ધર્મેહળો ઉપયોગથી:
નિત જ્ઞાનમાં ચિત આપજો સંપ રાખજો સુભ જોગથી;
ગુરૂદેવ ધર્મો તેની સર્મો રાખજો આધાર છે,
ધીકાર આ સંસારમાં નિઃસર્મિ જે નર નાર છે. ૧

(નિર્લજના ૪૦ દુર્ગુણો વિષે)

જે ધર્મ લોપે[1] જ્ઞાન ખોપે[2] ગુરૂ કોપે[3] પાપીયા,
જે માંન મોપે[4] વાત રોપે[5] રેંહુસ ચોંપે આપીયા.

સંતાપીયા સહુ નાહિયા[૭]દુઃકૃત્યમાં[૮]મન વાર છે. ધી૦ ૨
જે ધર્મ ધ્યાતા કર્મજાતા પાર પાતા પાપનો,
નહિ જન્મ જેથી વૈરતેથી[૯]ગાયુ ગાતા આપનો;[૧૦]
મદ છાકમે[૧૧]ધર્મા વમે[૧૨]વ્યષનો તણો આચાર છે.[૧૩]ધી૦ ૩
મોહ અંધને [૧૪]લજા નથી[૧૫]સત સંગથી ન્યારા ફરે,[૧૬]
નહિં નાતનાં નહિં જાતનાં નહિ તાતના વાર્યા કરે;[૧૭]
નહિં માતનાં નહિં ભ્રાતનાં પરદાર નર વેપારછે.[૧૮]ધી૦ ૪
ઘરઘર ભટકે અંગ લટકે[૧૯]મૂખ મટકે રંગ છે,[૨૦]
નીત હીણચારી નરનારી જેને તેનો સંગ છે;[૨૧]
વિરંગછે[૨૨]ગુણ ભંગમાં ઉમંગ તો અપાર છે.[૨૩] ધી૦ ૫
હસિ વાત બોલે[૨૪]તરણ તોલે કોડી મુલે નાણજો,
લિયે હાથ તાલી લાજ ટાલિ[૨૫]કપટ જાળી જાણજો;[૨૬]
પરમાણજો નરનારી એવા એકલા નિરધાર છે. ધી૦ ૬
પરઘર જમતા ભુગ્ત ગમતા નાહિ સમતા આહારમાં,[૨૭]
અવહેળ કરતા પેટ ભરતા નાહિ થિરતા ભારમાં;[૨૮]
નથિ જાણતા યે આરમાં ખટ કાયનો સંહાર છે. ધી૦ ૭
મળિ ટોળે ટોળા વાત ગોળા મારે ભોળા ભાવથિ,[૨૯]
કઈ ભાંગ્યા જોડે સાજા ફોડે નવા જોડે દાવથિ;[૩૦]
નઇ પાપનો ડર[૩૧]વાત મોહ ભર નફ્ટ બેદરકારછે.[૩૨]ધી૦ ૮
મતિ અંધ માતા[૩૩]પંથ જાતા હેરા કરતા જાયછે,[૩૪]
નઇ જિવ જોતા રૂપે મોહતા રંગ સોતા ધાયછે;
જાય એકે ઠામે સહસ્ર ઠાંમે ભટકવા વેવાર છે.[૩૫]ધી૦ ૯

વળી ધર્મ ધામે આવે જામે તરવા કામે બાપડા,
મુનિ બોધ સાતા વાતે રાતા ઉંધ માથે થાપડા;[૩૬]
કઈ રૂપે મોહતા મૂખ જોતા મુંઢ શ્રોતા જારછે.[૩૭]ધી૦ ૧૦
કઈ સાહધર્મા સૂમત વીર્મા વાત મર્મા બોલતા,[૩૮]
નઇ તોલતા કોઇ ન્યાય નિતી રહ્સ જનના ખોલતા;
કરિ વૈર જામે નાહિ ખાંમે ધર્મ ઠાંમે બારછે.[૩૯]ધી૦ ૧૧
એ સદ્દસમીક્ષા લેજો શિક્ષા ગ્નાન ભીક્ષા પ્રેમથી,
તજી રોષ દુરે ક્ષેમ ઉરે વારજો મન વેહેમથી;
બે સમા જનનો સંગ છોડો દુઃખનો દાતાર છે. ધી૦ ૧૨
પર ઘેર જાતાં લાજ ખોતાં માને સાતા મુંઢને,
જન માંહી હેળા તેજ વેળા દુઃખ ગિરપર રૂઢ તે;
ગઈ લાજ નાવે કોટ દાવે ત્રણ ધિધીકારછે.[૪૦]ધી૦ ૧૩

લાજ ભર ચાલનારા સ્ત્રી પુરૂષોને ચેતવણી વિષે.

એ બોધ લેતો મિત્ર ચેતો કાળ કેતો ના ગમ્યો,
પુંરિ મોહ્ કેરી વિષમ શેરી કર્મ વૈરીયે દમ્યો;
ભવમાં ભમે ભ્રમ ના સમે નિઃસર્મ અવગુણ લાર છે,
ચિત ચેતને ચેતાઉ ભોળાં ચેત વેળા સાર છે. ૧૪
ચીત ચેત ભાઇ કર કમાઈ ભવ સમાઇ જાહેરા,
ગુરૂ દેવ ધર્મે તેની સર્મે આવ ધરમાં તાહિરા;
વચ માહિરા ગુણસાયરા ભિત બાહિરા એ સારછે. ચિ. ૧૫

"લજાધરને આચારંગ સુત્રમાં સ્ત્રીને સુરપુરૂષની શાક્ષી."

ધુર અંગમાં બિરરંગમાં સુધબોધમાં શું બોલતા,

પરણીત નારી લાજ ધારી ચાલ ગુણ નિરમીલતા;
લઘૂ વધની માજ્ઞા ધણી કુળ સોભવા મનવારછે. ચિ૦ ૧૬
વળિ સુર કોપે જંગ રોપે વૈરી લોપે તેગસું,
રસ વીર રોશે માંન હોંશે પ્રાણ ખોશે વેગસું;
પગ પાછો ભર્ત્તા લાજ ધર્ત્તા ખેલ ખાંડા ધાર છે. ચિ૦ ૧૭
જેમ સૂર નારી લાજ ધારી કુળચારી ચાલતા,
તેમ દેવ ધર્મ ગુરૂ સર્મે બિધિ સર્વે પાળતા;
મદ ગાળતા ઉજમાળતાં સુખ ભાળતાં ભવપાર છે. ચિ૦ ૧૮
તમે એકળા નઇ બેકળા આધંતમાં વિચારજો,
દ્રવ્ય ભાવથી વેહેવાર લજા આપ ઉરમાં ધારજો;
વળિ વારજો નિઃસર્મ મનને સુધ જીન ગુણકાર છે. ચિ૦ ૧૯
આ સત્ય વાયક આપ લાયક સૂખ સાયક પારજો,
સંભારજોજી આપ અવગુણ પારકા વિસારજો;
પર જનને અવહેળતાં નહી મેળ ભવમાં હાર છે. ચિ૦ ૨૦

(જ્ઞાનીના બોદ્ધથી સર્વે અશાર જાણી પોતાનું એકત્વપણું વિચારે છે.)

મેં મારૂ ગાયૂ જેમ ફાવ્યું ચિંત ઠાયૂ જ્ઞાનમાં,
નઇ અન્ય ધરનિ વાત પરની ગાઉ નઇ કોઇ તાંનમાં;
અવજ્ઞાનમાં સનમાંનમાં સુભ ધ્યાનનો જેકાર છે,
ચિત ચેતીયે ચેતન જગનો રંગ દાડા ચાર છે. ૨૧
મેં મારૂં જાણી ગાંઠ તાંણી બાંધી અંતર પ્રેમથી,
ધન માલ માતા તાત ભ્રાતા નારી મારી રેહેમથીઃ
વળિ બેન બેટિ દાસ ચેટી શકળ ઘર આગારછે, ચિતચેતિયે૦ ૨૨

એમ દેહ ઉપર આણીયો વિચાર ચેતન ચાતુરે,
ધિકધિક કાયા પાય પાયા તેં ભમાયા આતુરે;
તુજ રક્ષ કોટી કારણોથી મેં કરી અપાર છે. ચિ. ૨૩
ખટ રસ ભોજન ભાવતાં ભલી ભાતનાં ભાવે કરી,
ભર રસ સારાસારમે સબ ઠામથી લાવે કરી,
નિત નીત પોખે તોય શોખે પલકમાં નઈ વાર છે. ચિ. ૨૪
વિધ વીધ ભૂષણ બ્યસ્ન સારા શકળ અંગે શોભતાં,
શ્રંગાર રસથી ઓપતા નરનારનાં ચિત લોભતાં,
વળિ મેહેલ બારી જાળિયાં સત માળિયે વસનાર છે. ચિ. ૨૫
અતિ રંગ ભોગે દ્રવ જોગે ખેલમે ખેલાવિયા,
રંગ તેલને ફુલેલ મોગર બાસના ચંપેલિયા;
એમ કોટ રીતે તુજ પ્રીતે માહેરા વિચાર છે. ચિ. ૨૬
સબ હેતુઓને તારે કાજે મેલિયા વિસારને,
પણ મારી નાહી તું થઇ ધીકાર રે ગમારને;
આગમ દ્વારે જાણીયો મેં કપટ પેટી નાર છે. ચિ. ૨૭
ભવ માંય ભટકી ત્યાંથી છટકી છેહ દીધો મુજને,
હું એકાએકી ત્યાંથી ઠેકી સંચર્યો બિજે તને;
વળી ત્યાંય તારી બેહન્ બારિ તેં નઠારી બાર છે. ચિ. ૨૮
એમ ઠાંમ ઠાંમે તારે નામે કાય કાચિ જે મળી,
મુજજ મેલિયો ધકેલ આપે ખેહ માંહી જઇ ભળી;
અબ ભાવ મારો ત્યાગ તારો શીવ ગોરી પ્યાર છે. ચિ. ૨૯
સલામ છેલી માહેરી જે દૂહવી મેં તૂજસું.

સૂમત ગીરી લાર છે મ બોલ બોલીસ મુજસું;
કહિં વાત છેલી પ્રેમ મેલી ધ્યાનમાં સરદાર છે. ચિ. ૩૦
શૈલે શિઃકર્ણે ભવ ઉધરણે કર્મો વર્ણે અંત છે,
સુદ્ધ સંત છે મહંત છે સૂભ ભાવમાં ભગવંત છે;
શિવ વાસને થિર આસને ઉમેદચંદ આધાર છે. ચિ. ૩૧

(દુહો)

ધ્યાનાંતર શિવગત સમે, કાયા યે નિરધાર;
પષ્ટાવો પાછળ થકી, કરતી કોટ હજાર. ૧

આત્મા પ્રતે કાયાયે કરેલી વિનંતિ વીષે રેકતા ઝુલા

(રેકતો) અમારા પુર અવિનાસમાં, હંસ કરે પરીયાંણ;
કાચિ કાયા કારમી, (ઝુલો) હાંરે એતો કરે અરજ દિલ આંણુરે
હંસ રખો લાર મોય લ્યોરે,
હાંરે મુંને માયા લગાડી ન જાઓરે, હંસ રખો. ૧
(રેકતો) પ્રેમી પ્યારા પ્રાંણના, કાયા કહે કર જોડ;
તમેં વિદેહી થઇ ચાલિયા, (ઝુલો)
હવે મારા કોણુરે પુરે જગ કોડરે. હં. હાં. ૨
(રેકતો) રેતા રંગભર આપણે, કરતા નવ નવ રંગ;
એવો અગમ ગત આતમા (ઝુલો)
હાંરે કરી ચાલ્યા છો રંગ માંહે ભંગરે. હં. હાં. ૩
(રેકતો) હંસા હરખે આપની, હું કરતી ખિજમત કોડ,
તોપણુ અમરખ આંણીને, (ઝુલો)
હાંરે મારિ તોડી અખંડ પંડ જોડરે હં. હાં. ૪

(રેકતો) તમ ઉજળે હું ઉજળી, તમ સુખથી સુખ થાય;
ઉંચિ ચઢાવી અંબરે, (ઝુલો)
હાંરે હવે નાખિ પાતાળે કેમ જાઓરે હં. હાં. ૫
(રેકતો) જાણો મુજને આપની, લેજો આપ સંધાત;
નઇતો પાપી પ્રાણીઆ (ઝુલો)
હાંરે મુને કરસે પે બાળીને રાખરે હં. હાં. ૬
(રેકતો) કાયા કરતી કલ્પના, ને મેલી હંસો જાય;
રાખ્યો ન રહે કોઇનો, (ઝુલો)
હાંરે કહે ઉમેદ ચંદ્ર મુનિરાયરે. હં. હાં. ૭

ક્રોધિ જનોને સુચના વિષે ભૈરવિ.

ચલના જરૂર જાકું તાકુ કૈસા સોવના, ચલ૦ એ રાગ.

ક્ષમા [1]ધર ધરે હરખ્ વધાંમણાં,
લેજો સજન મારા ત્રિવીધ ખાંમણાં; ક્ષમા૦
સુત્ર સુબોદ્ધથી અંતર વિસુધથી,
તજજો કરોધ દુઃખ જાણીને ડરામણા. ક્ષમા. ૧
કોટિ પુરવ તપ નાસે કરોધે જપ,
નાસે સજન સંપ જન અળખામણા. ક્ષમા. ૨
નાસે દરસ નાંણ નાસે અમ્રત વાંણ,
કટુક ભાષણ કરે મરમ લજામણા. ક્ષમા. ૩

---

૧ કરનાર,

જાણે ન પ્રેમ પ્રિતી રાખે ન સજન રીતી,
ધર્મિ મંડળ માંહે લજા ગમાવણા. ક્ષમા. ૪
ક્રોધી તણો મુખ દેખે સકળ દુખ,
ક્રોધી પન્નંગ[1] દોય તજી દુર જાવણા. ક્ષમા. ૫
ગુરૂ ઉપદેશમાં ક્ષમા પ્રવેષમાં,
આવો ઉમેદ ચંદ્ર લિયે તમ ભાંમણાં ક્ષમા. ૬

રાજેમતીની ગરબી.

ભુરખી નાખી ભોગી ભમરા,

(આ રાગની ઢબ તો એક તરે વારનીજ છે. કેમ?)

તોરણ આ—વી જાદવ વળીયા, એના મનડામેં અટકળીયા લાલ; તો૦
મુજને છે—લે છળથી મેલી, હવે મારો નથી કોઇ જગમાં બેલી;તો.૧
સુણ સૈય—રજી તું અલબેલી, એના કપટ તણી ને ગમ્[2] પેલી; તો૦
મુખડા દિ—ઠા રથમાં બેઠા, હવે મુને મેલિ જાય છે કેમ છેટા. તો૦૨
એની મુને સાં—ન કરી નાથે, મુજને લઈ જાવાને નિજ સાથે; તો.
રાજુલ રા—જી રાજી થઇને, નેમને ભેટયા સૈયર સંગમાં લઈને. તો. ૩
અંમર ઓ—ઢયા અમરા[3]પુરના,ટાળીને કર્મ લહયા સુખશીવઘરનાંતો.
રાજુલ ને—મ બે અવિનાસી, ઉમેદ ચંદ્ર હરખથી ગુણ ગાસી.તો. ૪

૧ સર્પ, ૨ અંતરની ખબર, ૩ મોક્ષરૂપી સેહર,

જીનેશ્વર દેવની સ્તુતી.

મુજ ઉપર ગુજરી પિતા પાદશા જાણી, હું નહી નાયકા નાર
લાડાની રાણી. એ રાગ.

જગ્પતી જગત્ સિરદાર લગત ચિત પ્યારા,
ખમ્[1] ગમ્[2]થી સુર્ત[3] સંભાર મુર્ષદ[4] હમારા;
મુજ અઘહ[5] વિપત્ ચુરનાર શકલ્ ગુન્ તારા,
તર તરનિ[6] કરની ભવ પાર પર્મ[7] વરનારા. ૧
છિન્ છિન્[8] મેં છાંય છત્ર ત્રય[9] સરસ સિર છાજે,
ગુમ્ ગુમતી ગગન્ ગણુણાટ દુંદભિ[10] ગાજે;
ચઉત્રીસ અતિસય આપ બીરાજે સ્વામી,
સત્ વચન ગુણ પણ ત્રીસ[11]અચળ પદ ગામી. ૨
તુજ ચર્ણ વિનય ગુણ ધાર શકળ શિર નામે,
ભવભવના સરતાકાજ અમર પદ પામે;
તુજ કિર્તિ સુણી જગદિસ ગુરૂ મુખ જારે,
મુજ અંતર ઉમલ્યો[12]આય આનંદ ઘન[13]ત્યારે. ૩
અબકુમીય નાહી માહારાજ સરણ બીજે કાંઈ,
દિન્ દિન્ષે ચડતી સવાય જગત જસ પાઈ;
એમ ઉમેદચંદ્ર ગુણકાર પાંર ધર્માસા,
ધન્ ધન્ તેં સદન્ તુજ ગ્યાન લિલ વીલાસા. ૪

---

૧ ક્ષણ, ૨ જાણવુ, ૩ શ્વરૂપ, ૪ નાથ, ૫ પાપ કર્મ, ૬ તરના નદી, ૭ સર્વોપરી મોક્ષ, ૮ ક્ષીણક્ષીણમે, ૯ ત્રણ, ૧૦ દેવતાઈ વાજા, ૧૧ પાંત્રીસ, ૧૨ તરસ્યો, ૧૩ વરસાદ,

આદેશ્વરજીનિ સ્તવના.

તુજગુણ અપરમપાર પ્રભુજી તુજ ગુણ અપરમ પાર એરાગ.
પ્રણમું પરમાનંદ જીન સહુ પ્રણમું પરમાનંદ એ ટેક.
આદિ જીણેસર[1]આદિ નરેસર,[2]આદિ છે ધર્મ મુણંદ[3] જી૦ ૧
જુગળા ધર્મ નીવારક કારક, ધારક બિરૂદ જીણંદ. જી૦ ૨
કુશળ કૌશળપુર નિવાસક, જાચક કિર્તિ થુણંદ.[4] જી૦ ૩
ભોગ અંતે દિગમુંદ્રા સોહાવત, અચળ ગિર[5]જ્યું ગુણંદ જી૦ ૪
ધાતિ કરમ અંતે નાણ કેવળ લઈ, કેવળ દર્શિ આણંદજી૦ ૫
અંતે અજોગતા લઈ સીવગત, નમે છે ઉમેદચંદ્ર. જી૦ ૬

સત્યવાદિ પુરૂષ પોતાની સ્ત્રીને દુરાચારથી તજાવવા વિષે.

પરનારી પ્રતે પ્રીત કયુ ન કરૂં. એરાગ.
ઘરનારી ગણીને નર શિખ દે ખરી, શિખ દે ખરી નર શીખ
દે ખરી, ઘર૦ ટેક.
નિરલજ થઇને ઘર ઘર ઉંબર, ફરવુ નહી સુણ પ્યારી;
ચંચળ નેત્ર કરી પર નરને, જોવા નહી મેં વારી. ઘર. ૧
દાંત દેખાડી નજરથી આડી, માંડી વાત ન કરીયે;
લાજ કરીને કુળ મરજાદે, ધર્મ મારગ સંચરીયે. ઘર. ૨

---

૧ પેહેલા તીર્થંકર, ૨ પેહેલા રાજા, ૩ પેહેલા સાધુ, ૪ સ્તવના, ૫ પરબત,

ઘર ઘર ફરતા પ્રીતી કરતા, ડરતા નહી કોઇ વાતે;
એવા નરનારીને કદીયે, મળવું નહી એકાંતે. ઘ
પર મંદરીયે જાતાં પ્યારી, નિરલજ નામ ગવાય;
પતિવ્રતાનો ધર્મ હારીયે, ધર્મ ગુરૂ લજવાય. ઘર. ૪
દેવ ગુરૂને ધર્મ સંઘાતે, નિત નિત નવલિ પ્રિતી;
જ્ઞાનદર્શ ગુણવર્ત લઇને, પાળો સદ ગુણ રિતી. ઘર. ૫
આ ભવ પર ભવ સુધરે સારો, વારો વિષય વિકારો;
ઉમેદચંદ્ર કે આપ સુધારો, તરવા ભવ જળ પારો. ઘર. ૬

—o—

ગુણવાંન સ્રીયો પોતાના પુરૂષને પરસ્રીથી રમવુ તજાવે તે વિષે.

ભાઈ સાહેબ આ રાગ કેવો હશે—? અરે ઉપરના પ્રમાણેજ છે
પરનારીની પ્રિત પિઉ કદિ ન કરો, કદિ ન કરો પિઉ કદિ ન કરો. ૫૦

નમણી[1] ખમણી[2] રમણી[3] પરની, નરને ભય કરનારી;
નિત નિત વિત[4] લઈ ચીતમાં ચોંટી, મારે વયણ કટારી. પર૦ ૧
નરને જોવે નયણ વિકાસી,[5] નાંખે મોહની ફાંસી;
હરખે હેત કરી હસી બોલે, મેં તુમારી દાશી. પર૦ ૨
કાંમ[6] કળાની[7] કમળા[8] કેળી[9], કરવાને મન દિશે;
રૂશે[10] તુસે[11] કોટ કપટણી, અવર પુરૂષ મન હિસે.[12] પર૦ ૩

---

૧ રૂપવાંન, ૨ ડાહાપણદાર, ૩ સ્રી, ૪ પૈસા, ૫ ઉઘાડીને, ૬ વીષય, ૭ ચતુરાઇ, ૮ સ્રી, ૯ રમત, ૧૦ રીશાવું, ૧૧ પ્રસન થવું. ૧૨ રાજી થઇ રેહેવું તે.

નેત્ર૧સાંનમાં એક રમાડે, દુજાસું ચિત ચાળી;
ત્રિજે રમતાં ત્રપત ન પામી, ચોથા સું રંગ તાળી. પર૦ ૪
ધુતિ૨દુતિ૩કુતિ૪વિગુતી, સહુની ગોઠણ મળતી;
આપ કલંક લઈ નરને માથે, નાખે વિટલ૫ઉછળતી. પર૦ ૫
ઘર ઘર હિંડે શેરી સિંડે, કાંમ અંધ મદમાતિ;
કાળ અકાળ ન જોતી ખોતી, લજ્જા મનમાં કાતી.૬ પર૦ ૬
સત્યવાદીયે એવી તરીયા, પરહરીયા વિખ ધારી;
ઉમેદચંદ્ર કે નરને હેતે, બોધ કરે ઘર નારી. પર૦ ૭

સ્ત્રી પુરૂષે જ્ઞાન શક્તીમાં પર ઘર રમવુ તે નીષેધ કરી સીયળ વ્રત લેછે.

ગજલ.

રાજુલ પોકારે નેમ પ્રીયા એસી કયું કરી. એરાગ.
સુબોદ્ધ લઈ આપથી સુપાત્ર દંપતી, સુબો૦
નિત જંપથી રે રંગથી ગ્રઃવાસ સંપથી;
હસન૭વ્યસન૮રમણ૯રાગ૧૦ત્યાગ પર ઘરે, હસ૦
સત્ય વ્રત ધારણ ધીર ધર્મ ધ્યાંને સંચરે. ૧
વાર વિષય સાર જીસયકાર૧૧સિર ધરી, વાર૦

---

૧ આંખ, ૨ ધુતારી, ૩ જમદુત, ૪ કુતરી, ૫ ભ્રષ્ટ થયેલી, ૬ છરી, ૭ હસવુ, ૮ જમવા વીગેરે, ૯ ક્રીડા રામતી, ૧૦ ગાયન, ૧૧ હુકમ,

પર નરને પર નાર જોણે સૌણે પરહરી;
સમત નાણુ જાણુ ત્રાણુ[૧]પ્રાંણુ રક્ષણે, સમ૦
બ્રહ્મ વ્રત સુમત લાર ભવપાર લક્ષણે. ૨
સુમત નાર આતમ લાર રમણુ ઉરધરી,
વળી આતમા પણુ સુમત સંગત તજત નૈ ઘડી;
અખંડ જોડ રેજ્યો નરનાર એ ખરી, અખં૦
ગુરૂ બોદ્ધ લઈ ગન્યાંનથી વિષય વિખ કરી. ૩
એ પાંમસે સંસાર પાર સાર સૌ કરી, એ પાં૦
ભવરાસ[૨]પાસ[૩]આપસું કરી પરી[૪]ખરી;
હવે સભાસદો સુણીને એક ચિત્ કરો, હવે૦
પરનાર પુર્ષ પર તણાનો સાથ ના કરો. ૪
એ લેજ્યો બોદ્ધ આપ સુધ કર્જો ઉર ઠરી, એ લે૦
પરનાર પુર્ષ પર તણાથી ચાલજો ડરી;
એ શિક્ષા કહી પ્રીતથી સુમિત્ર થૈ ભલી, એ શિ૦
મુનિ ઉમેદચંદ્ર ભાગ્યથિ સૌ હર્ષે સાંભળી. ૫

ઇંદ્રે માહાવીર નામ સ્થાપ્યુ તે વિષે.

ગરબી.

કેસરીયા વનમાં રે સુંદર છાંયા છે ભાઇ ભાઈ આ રાગ તો ગમ તમાં—જ ગૈાામ થયેલો છે તો.

કુંદણપુર વનમાં રે સુંદર છાંયા છે, તિહાં રમે વિદેહા[૫]નો નંદરે; વીર પ્રભુ નાંનાં છે,

---

૧ આધાર. ૨ દોર, ૩ જાળ, ૪ વેગળી, ૫ ત્રિસળા રાંણી,

વિર બળની રે કિર્તિ વાપરી, સુર નરમાં નવ નવ છંદ રે. વી૦
અંન્યમતી સુર ત્યારે વિષમય આચરી, કરે બાળ ક્રીડાવીર સારરે;વી૦
સુરખંભે ચડાવી રે ગગને સાંચર્યો, વિર કરે અંગુષ્ટ પરહારરે. વી૦ ૨
સુર હારી રે ધરા[1] પર આવીયો, અતિ ધરતો મન આક્રંદરે;વી૦
મધવ[2] આવિ રે શુર છોડાવીયો, વળી ધર્તો પર્માનંદરે. વી૦ ૩
તિણ દિનથી રે વિર નાંમ આપીયો. સુર નરમાં મન રળીયાત રે; વી,
વર વંચ્છિત રે ઉમેદચંદ્રના, પ્રભુ પૂરજો મંન વિખ્યાત રે. વિ૦ ૪

જૈન ધર્મિયોને કુમતી ત્યાગ કરવા વિષે.

(રાગ કલ્યાણ)

જગંતપતિ—આપો સુમમતી (એ દેશી)

અહો જૈનમતિ—! ધ્યાંન ધર્મથી,
માંનજો સદારતી[3] તો, તરસ્યો ચોગતી ટેક
જગ જનકી જંજાળ જાળમાં, પડીયો ચડીયો ગાંન;
લોભ લપટ્ને નફટ્ટ કપટ્માં, ઝપટ્ કરે બેમાંન અહો. ૧
નિત નિત ચિત[4] વિર્તે[5] ચાત ચાતરા,[6] ચઉટે ચડીયો ચાલ;
કચ પચ કચ પચ બચપણ રીતિં, સચ[7] વચ[8] પરહા[9] ટાળ અહો.
ઝટપટ ઝટપટ નટવટ નરનેં, મળતો કરતો તાંન;
ખટપટ કરતો નાત જાતમાં, વાત વાતમાં માંન. અહો. ૩

---

૧ પ્રથવી ઉપર, ૨ ઇંદ્ર, ૩ પ્રીતી. ૪ વીચારમાં, ૫ પરીઅહ, ૬ ચતુર, ૭ સાંચા, ૮ વચન, ૯ વેગળા,

ટગમગ ટગમગ નિરખત નારી, જારી[1]ઉરમેં ધાર;
પગ પગ સગપણુ વગ પણુ ગોતે. રૂળવાનેં સંસાર. અંહો. ૪
એવિ કુમત નિવારી ધારો, મારી શિક્ષા સાર;
ઉમેદ ચંદ્ર ઝટ્ ઉલટ્ ધરીને તરને ભવજળ પાર. અહો. ૫

જિનજીની સ્તવના વિષે ઠુમરી.

"રમતાં રાંમ ફકીર, રમ.–કોઈ દીન યાદ કરો, રમ.
આહા !! આ રાગતો પલટામાં–જ ભળે છે.

ગમતા સાંમ સધિર, ગમ૦ મોયદીલ વાસ કરો, ગમતા૦ ટેક,
ચરન બંદનકી મેરી, ઉરમી નિસવાસર તેરી;
આવો મેરે નયને અભિર, આવો૦ મોય૦ ગમતા૦ ૧
ભવ ભ્રંમનકી દોરી, કટની કરો અબ મોરી;
અહો મેરી અરજું સમીર, અહો૦ મોય૦ ગમતા૦ ૨
મોહ બંધનસેં ગહીરી,[2]ચરને જરીજ મહીરી;
કટો મેરે પાંઉકે જંજીર, કટો૦ મોય૦ ગમતા૦ ૩
ઉમેદ ચંદ્રજી રંગે, અલખ અગમ અભંગેં;
હરો મેરી ભવો ભવપીર, હરો૦ મોય૦ ગમતા૦ ૪

જોગને કષાય આતમાને, જ્ઞાન આતમા સુચવે છે તે વિષે.

"એક આ નાનિસીક ગરબી કેવા મનાના રાગમાં છે."

૧ વભીચારી, ૨ મજબુત.

સુણરે આતમરાંમ અર્તી નિવારીને નિર્મોહ ધારણધર ધિર રે;
છોડિદે મોહની છોડીદે, છોડીદે મારા વિરરે નિરાસીયા. ૧
મોહ બંધન કેરી જુલમી જંજાળમાં,
રોજ્યા ત્રિરત્ન તેં અમીર રે છો. છોડીદેમા. ૨
નિત્ય અનીત્ય ધ્રુવા ધ્રુવનો પદ તેં,
લેખ્યો ન આપ પર પ્રાંણરે. છો. છોડીદેમા. ૩
જયાંરે માહારાજ તારી વર્તિ હેરાંણી,
ત્યાંથિ લઇ આપ ઘેર આંણ રે. છો. છોડીદેમા. ૪
રાગ નિકંદ બંધ કહે ઉમેદચંદ્ર,
ચેત્યો ચૈતન આપ જાણરે. છો. છોડીદેમા. ૫

આદેસરજીની પરભાતી,

રાગ પચ્છમ સામેરી.

રજની પુળાંણી[1]રે પ્રહ[2]થયો પરગ[3]ડારે, કિરણા કર[4]કરે પરકાસ;
મોરાદેવિ માજી રે કહે નીજ જાત[5]ને રે, જાગો જાગો જીવન ઉલાસ. ૨૦ ૧
મુખડા ને જોવા રે દ્રિગ[6]મારા ઉલસ્યા રે, ફુલ્યો ઉરેં હરખ આરામ;[7]
મોહન મન માંન્યા રે વારીજાઉં બામણે રે, તુજ વાસે[8]વ્યાપી જગ માંમ[9]
સુરપતી આવ્યારે અમરીને જોડલે રે, આવિ રહ્યા વનીતાને વાસ;

---

૧ ગઇ, ૨ પરભાત, ૩ પ્રગટ, ૪ સુર્ય, ૫ પુત્ર, ૬ આં-
ખ, ૭ વન, ૮ જન્મનીવાસથી, ૯ લાજ સોભા,

બેહુકર જોડીરે ઉભા આગ્નણું કરેરે, દરસન દેઇ પુરો આસ. ૨૦
જગપતી જાગેરે માતાજીને બોલડેરે, દેવ નમી કરે જયકાર;
નાભિ કુલ અંબર[1] માંરે આદિજીન સાહેબોરે, તનુ તેજે લજે દિનકાર.[2]
પુરવને બે ચાળીરે ત્રીણે લહું ઉપરેરે, ગ્રહ વસી હુવા વ્રત ધાર;
ઉમેદજીનો સ્વાંમીરે સહસ વર્સે કેવળીરે, થઇ લિયો અપવર્ગ[3] સાર. ૨૦ ૫

રાજેમતિની વિનંતી વિષે
પરભાતી રાગ ઉપરની રીતે.

મંદરીયે પધારોરે સેવાદેવિ નંદનાંરે, તોરણીયેથી રથડા ન વાળ;
પ્રીતડલી પુરાંણીરે દિલડે ન વિસરેરે, નમેરી ન થઇયે દયાળ. મંદ૦ ૧
અંતરીયું રંગાણુંરે જદુપતી રાગસુંરે, રંગાંણી છે મોરી સાતે ધાત;
દયા કરી દેખોરે રાજુલના સાહેબારે, પરણીને[4] લિજીયે સંધાત. મંદ૦ ૨
વયણને વિચારીરે જદુપતી બોલીયારે, આવ્યો આંણે સાહુરીયા મોઝાર.
ગોરી ગુણુલીનીરે ગ્રહ ગુણવારીનેરે, વૈરાગણી વારજો વિકાર. મંદ૦ ૩
પ્રીતમને વયણુરે ધરી ધિર સાંમનીરે[5] જઇ પોંતી ગઢ ગીરનાર;
સંજમને આરામેરે[6] કેળ કરી કામનીરે, વિસમી જઇ મુગતી મોઝાર મંદ૦
પચ્છમને ઓળખ્યોરે પચ્છમ[7]ની જામની[8]રે, જીન ગુણે હરખ અપાર;
ઉમેદજીનો સ્વાંમીરે મુગતે સધારીયારે, ગાવે ગુણ ગુણી નર નાર. મંદ૦ ૫

---

૧ કુળરૂપિ આભ, ૨ સુર્ય, ૩ મોક્ષ. ૪ સ્ત્રી, ૫ સ્ત્રી, ૬ ફુલબાગ, ૭ પાછલી, ૮ રાત્રી.

મંગળા ચરણ (કવિત.)

જય આદિ નિરંજન આદિ કરી, સંઘ ચારકું તારણ ધર્મ જપે,
સય[1] બોધ લઇ ભવ અંત કીયો, વર કેવળ નાણુ સ કર્મ ખપે;
ભવ તાપ નિવારણ આપ તણાં, દ્રવ્ય ભાવ દુવાલસ ગર્મ[2] તપે,
સર[3] અંગધરી 'ધરણી[4] ધર્મારથ, પાય નમું તસ પર્મ નંદે. ૧

પરમેશ્વરની સ્તુતિ કરીને
અથિર સંસાર વિષે.

(હરિગીત છંદ.)

ખહુ જ્ઞાનમાં ગુણ જાણિને પરમાણિને ઘર બારથી,
મન વાળિને રંગ ટાળિને દુઃખ ભાળિને વેવારથી,
સહુ સ્વાર્થી પરીવારથી નિજ નારથી દુઃખ ધારને,
તેહ કારણે ધિક્કાર છે નિઃસાર આ સંસારને. ૧

પિતા વિષે.

એ વાતનો કોઈ વાતનો તિલ માત્રનો સુખ ના ગણે,
ચિત તાતનો સુત ઘાતનો ત્રસ્માતનો લલતા પણે;
ત્રપ કનક આપે રાજ જાપે[5] અંગ કોપે ધારને. તે. કા. ૨
(ભાવાર્થ જ્ઞાતા સુત્રમાં કનકરથ રાજાયે રાજને લોભે પો-

---

૧ પોતાની મેળે, ૨ આકરા, ૩ પાંચ, ૪ પ્રથ્વી. ૫ સમર્ણું.

તાના પુત્રોનાં અંગ કાપી ખોટિલા કર્યા.)

માતા વિષે.

એ માત ખોટી જન્મ મોટી ચિંત ચોંટી જાતને[1],
નિજ કારણે સૂત મારણે દિલ ધારણે કુજાતને,
બ્રહ્મદત રાજા કાજ સાજા મેહલ તાજા બારને. તે કા. ૩

ભાવાર્થ. ઉતરાધ્યન સુત્રમાં, ચુલણી રાણીયે પોતાના બ્રહ્મદત પુત્રને મારવાની ખાતર લાખના મેહલ મોટા ચણાવીને બાળી મારવા ગોઠવણ કરેલી હતી.

દિકરા વિષે.

એહ પૂત્ર ભારી લોભ ધારી ચિત ચારી[2]આપનો,
કોણિક ક્રોધી વૈર સોધી રાજ રૈંધી બાપનો;
મગધેસને[3]છળ રેહસનો બંધેજમાં દેવારને. તે કા. ૪

ભાવાર્થ. નિરીયા વળીકા સુત્રમાં શ્રેણીકરાજાનો પુત્ર કોણી કરાજા તેણે રાજને લોભે પોતાના વાહાલા પીતાને કાષ્ટ પાંજરે પુર્યો તેમજ માંમા કંશે ઉગ્રસેન રાજાને પાંજરે પુરીને મથુરાનો રાજ ભોગવી નર્કાધી પતીયોની હજુરમાં મોજ માંણુવા ગયા.

ભાઇ વીષે.

એહ ભાતનો સુખ ઘાતનો નહિ વાતનો કોઈ કારણે,
ભાઇ દાવને કરે ઘાવને ભરી પાવને દ્રોહિ[4]મારણે;

---

૧ પુત્ર, ૨ પોતાને છાંદે ચાલનાર, ૩ મગધ દેસનો ઠાકુર, ૪ માહા અદેખો.

જૂગ બાહુ જારે[1] વિષય ભારે વિર[2] મારે હારને. તે કા. ૫

ભાવાર્થ. ઉતરાધ્યન સુત્રમાં નમી રાજાના પીતા મણીરથ તેમના જુગબાહુ મોટા ભાઇયેં નાનાભાઇની સ્ત્રીને લોભે ખડગે કરી માથુ કાપ્યું. અહો ખરેખર ! સંસારનો સબંધ સર્વ અનીત્યજ છે ?

સ્ત્રી વીષે.

એ નાર પ્યારી નાહી તારી જાર લારી પ્રીત છે,
ધણી લાર કોપી ઝંઝ[3] રોપી લાજ લોપી ચિંત છે;
તેહ સુરિકંતા વિષય ચિંત્યા નાથ હંતા[4] ધારને. તે કા. ૬

ભાવાર્થ. રાયપ્રસ્ની સુત્રમાં પ્રદેસી રાજાની સુરીકંતા સ્ત્રીનો શ્વાર્થ અણ પોંહોંચતે પોતાના વાહાલા પતીને ઝેહર ખવરાવી માર્યો. અહો ! આ સંસારમાં સ્ત્રીયોનો થોડો જુલમ કેવાય ?

બેહુન બેટી વિષે.

એ બેન બેટી કપટ પેટી લોભ લેટી[5] આઇ છે,
નીત નીત આસા પિર વાસા જુક્ત ખાસા ખાયછે;
કોદિ નિરાસી જાય પાછી ભુંકે રાસી ખારને. તે કા. ૭

ભાવાર્થ. આ સંસારમાં બેહનને દિકરીને વખતો વખત વાર તેહવારે તેડે યા આણા પરીયાણની ધામ ધુંમ સાચવે તો સંતોષ છે. કો દીવસ નીરાસપણે કાઢેતો ગધેડાની રીતે ભુંકેછે.

---

૧ જારી કર્મ કરનાર, ૨ બાઇને, ૩ તકરાર, ૪ મારી નાખ્યો, ૫ લટુડા પટુડા,

કુટુંબને જ્ઞાતી વીષે.

એ કુટંબ સારો માયાગારો[1]નિ:શ્ચે ધારો ભાઇ રે,
તેહ નીત વંછે પડે મંચે ધન સંચે ચાઇ રે;
વળિ નાત ડોલે વાંકા બોલે જમણ્ તોલે દારને. તે કા.૮

ભાવાર્થ, સંસાર કુટંબીયોની હરાંમ દાંનત છે, સબબ કે કુટંબમાં કોઈ વાંઝીયો ધનવંત માંદો પડે ત્યારે સર્વ કુટંબીયો તેનો મૃત્યુ ઇચ્છે જે યે મરે તારે સર્વ મિલકતના વારસદારો ભાગે પડતે થઇસું. તેમજ મરનારની પાછળ જમણ ન કર્યું હોય તો સારી ગ્નાતીવાળા સ્રીને મેણાંદેછે.

રૂધી વીષે.

તેં તારિ ધારી રિધિ સારી દુ:ખ વારી માયરે,
એમ આસ પાસે મુંઢ રાચે બેઠો માંચે[2]ડાયરે;
જિમ નંદ[3]રીધી જાસે શીધી ફરે વિધી હારને; તે કા. ૯

ભાવાર્થ. આ સર્વ રીધી અનીત્યછે જેમ નંદરાજાની સોનાની નવડુંગરી મૃત્યું અવસ્થામે નકામી થઈ.

દેહ અસાર વિષે.

નથી દેહ તારો રોગ લારો દુ:ખ ધારો રોજનો,
ફરે રૂપ ચોંપે નારિ કોપે કાર[4] લોપે મોજનો;
જુગ[5]ચાકિ સોચે જરા ચોંચે નિત રૂપે[6] નારને. તે કા. ૧૦

---

૧ કપટનો ઘર. ૨ ખાટલે, ૩ પાંડલીપુરનો નંદરાજા. ૪ હુકમ, ૫ ચારમાં. ૬ રોશ કરે.

ભાવાર્થ. આ ગંદગીની ખાંણુને બંદગીની હાંણુ રૂપ સરીર સદા રોગથી ભરપુર બધ્યા વસ્થામાં મોજીલી બીચોને કલેસનુ સ્થાનક બનીરહ્યછે. જેમ ચોથા સનત કુમાર ચક્રવૃતિની સુર્યકીર્ણ જેવી કાયા ક્ષીણકમાં સોળ રોગોથી ઘેરાઈ, ને, સાતસેં વર્સ પછી દુઃખથી મુક્ત થયો.

વ્યર્થા જન્મ વિષે.

આ જન્મ જીસે મર્ણુ દીસે જરા પીસે[1]રૂપને,
જબ કાળ આવે નાહિ ફાવે મારે દાવે ભૂપને;
નર સુર રોકી શસ્ત્ર ઝોકી ગણે ન ચોકીદારનેં. તે કા.૧૧

સારો જગત અસાર વિષે.

એ જગત વાસા અનંત ફાંસા ને તમાસા જ્ઞાનથી,
છે નિપટ આશા દુઃખ રાશા કોદિલાશા[2]જ્યાં નથી;
સબ સ્વર્ગ[3]મૃત્યુ[4]નર્ક[5]ભરત્યું જન્મ[6]જરત્યું[7]મારનેં.[8]તે કા.૧૨

ભાવર્થ. આ અસાર સંસારમાં અજ્ઞાની ને અજાણ નરોને, સ્વપ્ન અવસ્થાના ભાખ્ય સરીખા સર્વે મતલબી સબંધીયો તેમજ ક્ષીણ ભંગુર દેહ તેમજ ચંચળ વીજળીના ચમતકાર સમાંન રૂધી વીગેરે અનેક ફાંસાઓમાં ધસી પડતા જાણી તેના વારસદાર તરીખેં થઈને સર્વ સબંધને શત બોદ્ધના જુસા સાથે, સભા મંડળના મેળાવડામાં, ધર્મ ગુરૂઓએં તાદર્શ યથાર્થ અસાર કહી બતાવ્યો. તેમજ તે અસાર-

---

૧ દલી નાખે, ૨ દાખલા દલીલોથી થીર કરનાર, ૩ સ્વર્ગ, ૪ મૃત્યુ, ૫ ને પાતાળ એ સર્વે, ૬ જન્મ, ૭ જરાં, ૮ મરણથી.

તાના દ્રષ્ટાંતો સાથે કારણોનો વિશેષણ પ્રકાસ કરી દેખાડ્યો, તેથી સાંતને સરલ શ્વભાવ વાળા ને જેને પરભવનો ડર માથે ધરાવ્યો તે પુરૂષો આ જુલમી જગ્ત જાળના બંધનથી ચમતકાર પાંમ્યાં. હવે તેવા ભદ્ર શ્વભાવીયોના કુમણા અંતઃકરણ જોઇને જ્ઞાની ગુરૂ વિષેસ ચેતવણી કરેછે.

હવે સંસારને ધિકાર દેવરાવવા વિષે.

ચિત ચેતી ભોળા ખોલ ડોળા જ્ઞાન ગોળા વાગતે.
સર[1]ધ્યાંન ધોળા[2]ખાઝકોળા મિટે ચોળા[3]આગતે;
વૈરાગ આણી જ્ઞાન જાણી સદ પ્રમાણી કારને[4],
ધીકાર દ્યો ધીકાર દ્યો નિઃસાર આ સંસારને. ૧૩
જિન ધર્મ ધારો મોહ નિવારો કર્મ આરો[5]પામવા,
સમકીત લારો જ્ઞાન સારો વર્ત ધારો કાંમલા[6];
આશ્ર રૂંધી થા વિસૂધી બૌદ્ધ બૂધી ધારને. ધીકા. ૧૪
નિત વિનય કીજે ગુરૂ રીઝે જ્ઞાન લીજે ધારને;
એહ જગ્ત મમતા મેલ વમતા આંણ સમતા [7]યારને;
લે પારને મદ મારને સબ જાહાંનને ઉગારને. ધીકા. ૧૫
કસિ કમર જોરે ચાલ મોરે બંધ છોરે આપસું;
ધર ધર્મ ઝંડા ભર્મ ખંડા[8]કર્મ ચંડા[9]લોપતું;
ચડ પકડ દોટે મદન[10]ચોટે કોડ[11]કોટે[12]મારને. ધીકા.૧૬

૧ સરોવર, ૨ સુકળ ઉજ્વળ, ૩ ચારગતીનો ગમન, ૪ કુકર્મ, ૫ કાંઠો, ૬ કમાવવા, ૭ સનેહી, ૮ કટકા, ૯ ચંડાળ રૌદ્ર, ૧૦ કાંમદેવ, ૧૧ મનના વાંચ્છિતાર્થ પામવા, ૧૨ કોડઉપાયે.

તું તારે કાજે જ્ઞાન ગાજે મોક્ષ જાજે વિરતું,
મચી આપ આપે ધ્યાંન જાપે કર્મ કાપે ધિરતું;
ગુણ ગ્રાહિ ગાઢો થાજે ટાઢો કાલિ કાઢો તારને. ધીકા. ૧૭
સદ બોધથી વચનો કથી સુભ જોગથી મેં આ સમે,
આ સભા હેતે ઉમંગ સેતે ઉમેદચંદ જસ વાસમે;
નિત નીત હરખો ધર્મ પરખો મુક્ત નિરખો ધારને. ધીકા. ૧૮

ધર્મેચ્છક જનોને સુચના વિષે.

છંદ મતગયંદ.

સાહમિ[1] મિંત્ર મળ્યા ધરમારથ આરત[2] વારત સારત આપુ[3],
જ્ઞાન તણી અતિ આસ સદા ઉર એહ ગણો નિજ પુંન્ય પ્રતાપુ;
કાળ અનંત ગમ્યો નસમ્યો ભવ આપ દમ્યો ન વમ્યો[4] જિન જાપુ.
કાંમ[5] કળા વિકળા[6] સબળા[7] નબળા[8] ત્રવળા[9] ભવ ધાર અનાપુ[10] ૧

દોહરો.

મિંત્ર સુણો ભવ આપણા, કુમત નાર પરસંગ;
રાચી જાય્યા જન્મ તેં, ભવ ભવમાં નવ રંગ. ૨

ઉતપતીના વખતમાં માતાજીના હરખ વધારા વિષે.—મનહર છંદ.

ઉદરમાં વસ્યો જારે, માતાજી હરખી તારે;

---

૧ પોતાના ધર્મ બરાબર, ૨ ચિંત્યા, ૩ આતમાનું કામ, ૪ તજીદીધાં, ૫ વીષય, ૬ બાંનહુણ, ૭ બળવાન, ૮ બળરહીત, ૯ તરણુવડા, ૧૦ માપવીનાના.

હવે હોશે ઘર મારે, હરખ વધામણા.
નાત જાતમાંહે મારી, વધસે સુવાસ સારી;
સપુતી પિઉને પ્યારી, ગાશે નારી ગાવણા.
જનમશે સુત જારે, મોચ્છવ વિવીધ ભારે;
મંગળ કરણ નારી, આવિ લેશે ભાંમણા.
અગાઉ જનમ વેળા, માજી મનોરથ માળા;
ગુંથે છે વિશાળા[1] બાળ, આશમા સુહામણા. ૩

જનમ્યા પછે માતા પાલણ કરે તે વિષે.

જનમ્યો તું જારે ભાઇ, માજી મન હરખાઇ
જોબન લુંટાઈ તાંઈ પય[2]પાઇ બાળને,
હિંચોળી હિંડોળે ઘણા કાજ તજી લિયે ખોળે,
ઘામસમાં વાય ઢોળે પુત્ર પ્રતી પાળને;
ભોજન સવાદ તજે ધાવણ સુધારા કાજે.
રૂખે મારો બાળ વાજે વ્યાધીના જંજાળને,
એમ કોટ કષ્ટ વહી ઉચ્છેર્યો પુત્રને સહી.
જુવાનીમાં મદમાંહી બોલે માને ગાળને. ૪

જન્મદાતારનો ગુણ ભુલીને મોહાંધ થઈ ફરનારા વિષે.

મેળા ખેળા ચેલા વેલા બેસે જઈ અકેલા

---

1 મોટામાં મોટાં 2 દુધ.

છેલ છકેલા બકેલા તોડે અપેલા હરામના,
રમેલા અનેક ખેલ ગમેલા ચંપેલ તેલ.
ફુલેલા કરીને ફેલ ચળેલા ગરાંમ[૧]ના;
બળેલા વિષય ઝાળ મળેલા જુવાંન બાળ.
છળેલા ઉચારે ગાળ મિઠ્ઠા જુંલ[૨] રામના[૩],
ધિકરે જુવાની તારી તજી ઘરનારી પ્યારી
ધારી પરનારી સારી કુંમારી વરાંગના[૪]. ૫

પોતાના મિંત્રોના ઘરસાથે બદફેલ કરનારા વિષે.

જુવાનીના મદમાંહી માત તાત ગણ્યા નાહી,
કુમતીનો સંગ સહી ભાઈ ભટકાય છે,
શેરી શેરી હેરા કરે નિલજ ઉલંઠ ફરે.
આપ ચિત ચારી નિત પર ઘરે જાય છે;
મિંત્રતણી નારિ તાકે બેટી બેન વિષે બાંખે,
મિંત્રસું વાલપ રાખે મિઠાયું ખવાયછે,
વિષયની લલતાયે નિત મિંત્ર ઘરે જાય,
મુખ બોલે બાય બાય માય લજવાયછે. ૬

જોબન મદમાંહેં વ્યસને સેવી પીતાની મિલકત ખોનારા વિષે.

વ્યસનમાં રાતા માતા અમલ મફર ખાતા,

---

૧ પાંચ ઇંદ્રીના વીષે ચળેલા, ૨ ધીટા, ૩ લડવાઇયા, ૪ પરણેલી.

ભાંગ ઘુંટિ પીતા પાતા ડાયરામાં માલતા,
ગાંજા ભાંગ ફુંકી ફુંકી ઝોલા ખાવે ઝુકી ઝુકી,
બાંયુને ચડાવી માંને મુછે વળ ઘાલતા;
પીતાની કમાઈ સારી લુંટી ગઇ પરનારી,
હાથ ઘસે ઘરનારી ખુમારીમાં ચાલતા,
ધિક ધિક ધિક ધુતા માતાને લજાવિ કુતા
જાર્યો તું કપુત પુતા વિતી ન સંભારતા. ૭

—o—

વ્યસન વશેં નીરધન થવાથી પાપ સંચય કરનારા વિષે.

કુળ તણી માઝા મેલી ફંદમાં ફસાયો ફેલી,
દુઃખમાંહી દીયો ઠેલી કરજ ચડાય કે,
લેણા રહ્યા સબ પાંસ દેણા તો અવસ તાસ,
વાયદામાં દીન માસ ધકેલ્યા કડાય કે;
નાણું ગયાં સબ ધાસ હિંસા ઝુઠ ચોરી આસ,
અષ્ટા દસ પાપ પાસ બંધાયો દ્રઢાય કે;
અમુલ્ય જીંદગી ખોઈ બેલી નાહી તારો કોઇ,
જમ દ્વારે પાપી સોઇ મરસેં રડાય કે. ૮

—o—

પાપ કરનારાજ નર્કમાં પીડા ભોગવે તે વિષે.

ભોગવે નરક દુઃખ રતી નાહી જીહાં સુખ,

અનંત તરસ ભુખ આદે દસ વેદના,
અવર અનેક જાતી કરેલી વિવીધ ભાંતી,
સુણતાં થરેરે છાતી છેદના[1]ને ભેદના[2];
તાડણ[3]ત્રજણ[4] લારી પુરવ દુઃકૃત્ય ભારી,
સંભારી સંભારી ભારી કરે અતી ખેદના,
ગમાવ્યો માંનવ ભવ ચેત્યો ન મુરખ લવ,[5]
ત્યારેં મળ્યા દુઃખ દવ[6] પરવશ કેદના.

એવા અજ્ઞાની નરકમાંથી નીકળીને ચાર ગતીમાં ભમેછે તે વિષે.

અનંતર ચવી ભાઈ થો ગતમાં ભટકાઇ,
સ્થાવર નિગોદમાંહી[7] ગયો કાળ અનંતો,
તરસમાં ત્રાસ પામ્યો અનંત કરમ કામ્યો,
સુકૃત શકળ વામ્યો[8] આપ દુસમન તો;
ભુલ્યો ભુલ થકી નર પાપે પિંડ ભર ભર,
ઠર્યો નાંહી થીર કર ચોરાસીમાં ભમતો.
અકાંમ મરણ જોગ સુકૃતનો તબ લોગ
આરજ કુળને ભોગ આયો તું જનમતો. ૧૦

———o———

૧ કાપવુ સસ્ત્રે કરી, ૨ વિંધવુ ભાલે કરી, ૩ કુટવુ ડંડ મોગરે કરી, ૪ ત્રાસ આપવુ આગળે કરી, ૫ ક્ષીણ, ૬ દાવાનળ, ૭ એક સરીરના ઘણા ભાગદાર, ૮ નીખળ.

અજાણ નરોને સત ગુરૂ બોદ્ધમાં પુર્વ કત્યો કહી બતાવે છે.

એક દિન સુધ મુંની ચલાવે બોધની ધુંની
ગત[1] કાળ ચરી[2] જુની હરખે સુણાવતા,
ગરભનો વાસ પાસ જનમતાં દુઃખ રાસ,
મરણનાં દુઃખ ભાષ સાંનમાં જણાવતા;
થળ[3] જળ[4] જ્વાળ [5]તણા વાઉ[6]માં જનમ ઘણા,
માળ[7]માં અનંત ભણ્યા જ્ઞાનમાં ગણાવતા,
ચેત ચેત નર ચેત ચેતાવે આતમ હેત,
આપ વિતી ચિત દેત વિવેકે ભણાવતા. ૧૧

એટલી સુચના આપતાં છતાં પણ પથર સમાન કોરા રેહેછે.

બોદ્ધ સુણી કિયો કાંઈ અંતર ન ભેદ્યો જાંહી,
સભામાં લજા ગમાઇ બોલી બોલ ધુંચના,
ફેવરાવે ભોળા ભોળા ચલાવે વાતુંના ગોળા,
ફોડી બેઠો ત્રણે ડોળા[8] ચિત[9] ચોળા તુચ્છના;
જનમ્યાંય વિશ્વ[9]માંહે ધસ[10]પર ધરી પાય,

---

૧ આગલા જન્મ, ૨ વાત, ૩ પૃથ્વી, ૪ પાણી, ૫ અગ્ની, ૬ વાયરો, ૭ સર્વ વનસ્પતી, ૮ જ્ઞાન સહીત બે ચક્ષુ, ૯ જગતમાં, ૧૦ મોટા પથરનાં પાહાડસમાંન.

શેલ પરી ભાર ભાય આવિ કીયો કુચ્છના,
કહું કિસું કિરતાર નકાંમાંય નર નાર,
કિયા પુંછ કયું ન યાર કેશ કીયા મુંછના. ૧૨

અધર્મિ વિષે કવીત.

ધરમ ન ધર્યો કર્યો કરમ ભરમ ધરી,
સરમ ન ડરી જગ પતીકું બીસારસી,
ધંધમેં ધકાયો માહા પાતકું ઉપાયો
ગાયો આપ કોહી ગાયો કદિ કિયો ન નોકારસી;
હેતમેં હરાયો મોહ મિરસેં મરાયો
કીયો આપકો પરાયો[1]ખટ[2]જંત કું સંહારસી,
ઐસેં ઐસેં ઘાતકીકું અંતકે અધા[3]સમય,
રોસહુંકે વાસમેં જમ દ્વારમેં ધમારસી. ૧૩

સમકીત જ્ઞાંન વિના વિદ્યાના મિથ્યા શ્રમ વિષે કવિત.

સુભ કમ જોગેં બુદ્ધિ વિમલ ભઈ હેં તાંમે,
ગણિત કળાને ઔર લિપીકું સમારસી,
માગધ રૂ સંસકૃત્ય વેદને પુરાણ જુક્ત,
કેતાબ કુરાન ગ્રંથ સબકું સંભારસી;
કાવ્યકી કળામેં તાર રચે છંદ વાર વાર,

૧ પરવસ્તુમોં પોતાપણું, ૨ છો, ૩ કાળ.

રાગ કો રંગાયો રંગ કદિ ન બિસારસી,
ઐસેં ઐસેં શ્રંમકીના અભ્યાસેં અભ્યાસી બિના,
સમકીત જ્ઞાંન બિના અંધેરે મેં આરસી. ૧૪

જુગાર રમનારાઓની સંગત તજવા વિષે

નારાચછંદ.

અરે જરા વિચારથી, ડરી ચરો ગમારથી,
ગમાર આપ શ્વારથી, રમાડષે જુગારથી;
કુબેરરાય રંગમેં, કુસંપ પ્રીતિ ભંગમેં,
કરી કુમિંત્ર સંગને, કળેસના ઉછૃંગને; ૧
નરેસ જેષ્ટ બંધુ છે, નિતી કળાસુ સિંધુછે;
સતી પતી સુવાસમે, મતી અતી કળા સમેં;
સુખો સુચિંત આપમે, જગેસનાથ જાપમે,
સદા સુચાલ ચાલતા, નિતી સું બીર્દ પાળતા. ૨
લખેલ વીધિ જે ગમે, અચિંત્ય આવિ તે સમે,
લઘૂ અતી દગારથી, વદે ચરી જગારથી;
અહો સુ બંધુ માહરા, વિચીત્ર ખેલ તાહરા,
દિખેં સુ બૂદ્ધિ જાહરી, પુરોનિ આસ માહરી. ૩
જુગાર ખેલ્ન આસમે, રમો તમે ઉલાસમે,
કરી વિચાર આપથી, ડર્યો ન પૂર્વ પાપથી;
રમે જુગાર બંધુ દો, નિવાર-તાસુ વીબુધો,

ત્રિદોષ રોગ જ્વારથી, સબે દવા આકારથી. ૪
ધરી ન વાત હીતની, કરી અતી વિપ્રીતની,
કુબેર કુંપ કોપનો, સદા ભરેલ દોખનો:
પ્રપંચ ચોંપ ચાપથી, ઝટેય રાજ થાપથી,
નબેં દિયો ઉતારને, તનૂ થકી શ્રંગારને. ૫

ભયો સહીય હારને, ગમાઇ પ્રીય નારનેં,
થયો દુ:ખી જુગારથી, ગયો વિદેષ નારથી;
થયા વિજોગ દંપતી, મળ્યો ન ઠામ જંપથી,
અહો કુબૂદ્ધિ શું કિયો, વિદેષ રાયને દિયો. ૬
હતાય પૂંન્ય પાધરા મળ્યા ફરીય સાદરા,
કદી જુગાર ના રમો, તદી જગેસનેં ગમો;
અરે જુગાર આપદા, ગણી નિવારજો સદા,
જુગાર પાશ પાપનો, ગમાવ નૂર આપનો. ૭
ગજેંદ્ર પૂર નાથ જાૂં, ગમાવિ નાર આથ જાૂં,
કુરૂપતી જુગારથી, બિદેશિ વર્ષ બારથી;
ધિકારધો જુગારને, જગેસ ઉર ધારને,
કરો કમાઈ આપની, જિનેંદ્ર જાપ જાપની. ૮
સમાધિ ધાર સંતની, અબાધિ ટાળ અંતની,
કટેજુ કર્મ પાસનો, મટે ત્યું ભર્મ આસનો;
સુણીય સાર છંદનો, કરો ઉધાર ફંદનો,
નમો મુણંદાનંદને, ગમે ઉમેદ ચંદને. ૯

જ્ઞાનિ પોતાના દુઃકૃત્યોનો પર્મેશ્વરપાસે આળોચન કરેછે, તે વિષે લલિત છંદ.

પરમ દેવતું વિશ્વમાં[1] સહી, ગુરૂતણે મુખે કિર્તિ મેં લહી;
અચળ વાસથી શ્રેષ્ઠ આપછો, શકળ નાણુથી દર્શ જાપછો. ૧
ભવ તણી લતા[2] માહરે ધણી, તુમવિના સર્વે કો શકે ગણી;
જગત વાસના પાસમાં મળી, ભવલતા વધી મેં નહી કળી. ૨
અનંત કાળથી જન્મ મેં કર્યા, પુરણ પાપમાં પિંડ મેં ભર્યા;
અધમ નીંમતે[3] સર્વ પ્રાણિના, લય[4] તણી દયા ઉર આંણિના. ૩
તરસ સ્થાવરો જીવ જે ભણ્યા, થરર ધ્રૂજતા દેખિ ના ગણ્યા,
કુરૂર કોપમાં લોપ મેં કર્યો, અરર તેહનો સોચના ધર્યો. ૪
વિશુદ્ધ સંતનો સંગ ના ગમ્યો, શકળ ધર્મનો ધંન મેં વમ્યો;
અસત્ય વાચથી બોલ બોલિયો, ગુણિજનો તણો મર્મ ખોલીઓ ૫
તસકરો[5] તણા સંગ મેં કર્યા, છળ બળે છકી માંનથી ભર્યા;
ધસ.મશી ધનો પારકાં હર્યા, અરર કર્મના કોડમેં વર્યા. ૬
વિષય રાગતો ચિતમાં રમ્યો, રમણિ[6] આશમાં બ્રહ્મ[7] ના ગમ્યો;
વરત ભંગનાં કર્મના ગણ્યા, કુશિળ શેવિને પ્રાંણિ મેં હણ્યા. ૭
સરમ મેલિ મેં નાત જાતની, લંપ કરી લજા તાત માતની;
વિષય આશમાં કર્મ આંણિયા, અરર છૂટશે કેમ પ્રાંણિયા. ૮
કુટિલ કર્મથી ધંન સંચિયા, સરલ પ્રાંણિને નીત વાંછિયા;

---

૧ જગતમાં, ૨ વેલડી, ૩ કુબિયે, ૪ ક્ષય, ૫ ચોર, ૬ સ્ત્રી, ૭ શીયળ વ્રત.

અધમ પાપથી પ્રાંણ લૂશિને, અકળ[1]મેળવી આથ[2]મૂશિને. ૯
અધિક આશ્રવો પંચ જે કહ્યા, તસવસેં પડી દુઃખ મેં સહ્યા,
બળિ અતી મચ્યો કાંમ ભોગથી, મમતમાં ચડયો ઈષ્ટ જોગથી. ૧૦
પ્રમત[3]પાસના બંધમાં પડયો, કુમત સંતનાં ફંદમાં ચડયો;
અતિત[4]કાળથી ચોગતેં રળ્યો, તરસ સ્થાવરો પ્રાણિમાં ભળ્યો. ૧૧
અચળ વાસની આસનાં રહી, વિકટ વેદના છેદના સહી;
શકળ લોકના વાશ હું ફર્યો, ઉતમ કૂળમાં જન્મ મેં ધર્યો. ૧૨
વિષમ વાટના ઘાટથી તરી, જનમ મર્ણના ત્રાસથી ડરી;
સમત નાણની આશ છે ખરી, અઘહ વારિને તાર કર્ધરી.[5] ૧૩
સરણ તાહરો દોયલે મળ્યો, સુર તરૂ[6]વરે માહરે મળ્યો;
ત્રિવિદ્ધ જોગથી અર્જ એ ભણી, તુમજિસાસિરે માહરે ધણી. ૧૪
દિવસ પાધરો આજથી વળ્યો, રમણ ચિંતતો ભક્તિમાં ભળ્યો;
ઉતર[7]મે ભલી દર્શ[8]ચંમરી[9], દરજીતો[10]શિરે હર્ષથી ધરી. ૧૫

અજીત જીનેશ્વરની સ્તવના વિષે છંદ મોતીદાંમ.

નમૂં અરિહંત કટે ભવકોટ, ગમ્યૂ તુજ નામ હઠે શ્રમ ઓટ[11];
ધરૂં ચિત ધ્યાંન વમૂં ભવ ચોટ, કરૂં સિવ જ્ઞાન દમૂં[12]સવ ખોટ.
અહો જગનાથ ગૃહો મુજ હાથ, સદીવ વિખ્યાત તજૂં નહિ સાથ;
ભજો તુંહિ તાત હિતારથ માત, તુ મિત્ર સુ જાત સુખારથિ ભ્રાત. ૧

---

૧ અગણીત, ૨ સામગ્રી, ૩ પાંચ પ્રમાદ, ૪ ગયેલો, ૫ હાથ, ૬ વૃક્ષ, ૭ શ્રેષ્ટ, ૮ દર્શન, ૯ ચામર, ૧૦ શર્વ, ૧૧ પાંછોડ ૧૨ કબજે કરવું.

અજીત જિણંદ જગેશ મુણંદ, અનંત ગુણંદ સુકીર્તી થુણંદ;
સુરેંદ્ર નરેંદ્ર ફનેંદ્રજિ આય, નમે કરજોડ સદા તુજ પાય. ૩
ભવોદ્ય[1]પાર ઉતારણ હાર, ગુણાલય[2]આપ સદા સિરદાર,
જપ્યા જગદેવ સવે અહમેવ[3], ભવો ભવ ચેવ[4]મળ્યા તતખેવ. ૪
તજીતસપાસ ધરૂં તુજ આસ, વરૂં શિવ ખાસ હરૂં જગરાશ;
તુહી મુજ દેવ તુહી મુજ સાંમ, તુહી પરબીન[5]તુહી વર[6]નામ. ૫
તુહી અરવિંદ[7]તુહી છુ દિનંદ[8],તુહી જગઇંદ[9]ગુણીસ[10]ગુણિંદ[11]
તુહી મુજ સાસઅહ[12]તુજદાશ, શદા તુજ આજ થકી પરકાસ. ૬
ધરી ચિત હાંમ, ગણૂં તુજ નામ; સરે સબ કાંમ વધે જશમાંમ;
ઉમંગ[13]મે આદ[14]સુચંગ[15]સવાદ, તજી પરમાદ કરૂં તુહિ યાદ ૭.

આદેસરજીની સ્તવના, છંદ ભુજંગી.

જુગાદી જિણંદા ભણી હાથ જોડી, નમૂં લીન થૈહું સદા માંન મોડી
કરૂં કિર્તિ ઊરે ધરી આશ કોડી, ધરૂં ધ્યાન જ્ઞાની સદા ચિંત ચોડી. ૧
હુવા સર્વનાણી અજાણી ન વસ્તુ, સમાંતે[16]વિલોકીત દર્શે સમસ્તુ;
મળી સર્વદા સંપદા નાહિ ખોડી. ધરૂં. ૨
મળી સર્વ ઇંદા દિણંદા[17]સુચંદા,[18]કરી કાટ છંદા જગેશૂ થુણંદા.

---

૧ શાગર, ૨ ગુણરૂપ મંદીર, ૩ દીવસ રાત, ૪ અવશ, ૫ સર્વજાણ, ૬ સર્વોપરી, ૭ ચંદ્ર તથા કમળ, ૮ સુર્ય. ૯ સર્વનો ઇંદ્ર, ૧૦ ગુણનો ઇશ્વર, ૧૧ ગુણનો ભંડાર, ૧૨ હું. ૧૩ ઉછરંગ, ૧૪ પેહલોજ, ૧૫ સારો, ૧૬ એકસમાંને અંતે, ૧૭ સુર્ય, ૧૮ ચંદ્ર.

અતી .ઉરમિંથી નમે સર્વ દોડી.   ધરૂં. ૩
ભલી સુર્તિ સોહે શ્વરૂપી અમાપૂ, રવી કોટ[1]નાં કિર્ણથી તું પ્રતાપૂ;
અહો! દૈવ તારી કરે કોણ હોડી.   ધરૂં. ૪
ધરી ઉરમેં છંદ સૂચંગ દર્શી[2], ભુજંગી ભણો ભાવથી જાતકર્શી;
ચુગો[3]નીયમો લાભ લક્ષોજિ જોડી. ધરૂં. ૫

કવિના કુળ વિષે અંતર લાપીકા, છંદ તોટક.

ઉરમીં ધરિ આજ કરૂં અરજી, ગુરૂ કિર્તિ તણી દિલમાં મરજી;
સુદ્ધ ચિંત ભયો મુજ આજ ખરે, ગુણ લાભ લિયું ઉછરંગ ભરે. ૧
જગ કાંમ નહિં જિન સ્વાંતિ નમી, ગછ ભાર ધુરં[4]ધર[5]ગ્રાંમ[6]દમીં;
કળ[7]કૂશળ ગ્નાંન ધરી ધરમેં[8], શલ[9]દૂષણ વાર હરી[10]ભરમેં.   ૨
લહિ શીખ સમી મધુ[11]ચંપ[12]દલી[13], ગુણ સાર જિસે યૂફદંબકલી
જગ ભિંન[14]મને જિન સાંન ગમી. ચુપ[15] નીત[16]કલાં[17]વલ મોજિરમી;
ઉદમે[18]સહને[19]દુર[20]ચંતદમે[21]સુખ આશ ધરી ગુરૂ પાય નમે;
ગુણ કિર્તિ સદા મૃજ ઊદરમેં, ભવ ભાર ભયાનક સર્વસમે. ૪
ભવ પાર ઉતારણ નાવ સમા નિત આશિરવાદ વદૂં હું ખમાં;

---

૧ ક્રોડ સુર્ય, ૨ દેખાયો, ૩ ચર્ણ કરીલ્યો, ૪ વ્રષભ, ૫ ધોંસરો ધરનાર. ૬ ઇંદ્રીયો, ૭ કળામાં, ૮ પૃથ્વીમાંવીચરે, ૯ ત્રણશલ્ય, ૧૦ કાઢી ભ્રમના, ૧૧ અમૃત્ય તુલ્ય, ૧૨ ચંપાના, ૧૩ પત્ર જેવા શોભીત. ૧૪ જુદે, ૧૫ સુંન્ય, ૧૬ સર્વકળા, ૧૭ વેલાસમાન, ૧૮ ઉદમ, ૧૯ સહાય, ૨૦ નઠારૂ, ૨૧ વશ કરે.

કિરતારથ આપ સવાય સદા, મુજ આપદ વીસ ન આય કદા. ૫
ગુરૂ આપ હકીમસમાં સુખદા, ભવ તાપ ત્રિહૂ મુજ વારિ મુદા[1];
મુજ ચિંતિત કાજ ભણી સુરતી,[2]નિસવાસર આશ ધણી ગુરૂથી. ૬

સભા સમસ્તને જ્ઞાન અભ્યાસની સુચના વિષે.

(રાગ કલ્યાણ)

જગતપતી આપો સુભમતી. એ દેશી.

સભાસદો ભણી અર્જ મેં થુણી,લેજો ચિંતમાં ગણીને ભેદ આ સુણી
દિન દિન પરતેં જ્ઞાન ઉચરતેં, ધરતે ધીરજ ધ્યાંન;
સદા ઉલ્લાશી જ્ઞાન અભ્યાશી, થાશી વધતે વાંન. સભા. ૧
મનમાં હરખી સગવડ સરખી, નિરખી પરખી તાસ;
જ્ઞાંન દાંન ઉતેજન આપી. લેજો સહુ સાબાસ. સભા. ૨
ધન ધન સુભદિન આજ સજનનો, ધર્મ જ્ઞાન પહીચાણ;
નિજ મન સબ જન સાંન સમજ કર,ધરો વચન યે જાણ.સભા.૩
નિત નિત આવો જીન ગુણ ગાઓ, ચાહો જો સુખ ચેહન;
વિકટ જાળ જંજાળ જગતની, જાણોનેં સબ ફેંન સભા. ૪
સદ ગુણ વધવા જ્ઞાન પસરવા, ઉમેદચંદ્ર નિત આસ;
લેજો લેજો દેજો દેજો, જ્ઞાન દાંન ઉલાસ સભા. ૫

સંત પુરૂષને સુચના વિષે છંદ મધુભાર.

ગુણ ખંતિ[3]આણ,સુણ સંત વાણ;હરતિમર[4]ભાંણ,[5]વર નૃમળનાણ,૧

---

૧ હર્ખથી, ૨ છમી. ૩ ક્ષમા. ૪ અંધારૂ. ૫ સુર્ય,

જર મરણ ત્રાણ[1] ધર સરણ પ્રાણ,કર સુમત ચાય,ડર મમત માંય,૨
હર કુમત ધાય, પર શ્રમણ પાય; કર જિણંદ જાપ, અર[2] કરમ કાપ.૩
એ મનુષ દેહ, કર સફલ તેહ; ધર ધ્યાન ધાપ[3], લે જન્મ માપ.૪
સુણ જગત બાપ, પદ અમર આપ; મધુ ભાર છંદ, કે ઉમેદચંદ.૫

જીન સ્તુતી, શીખરણી વ્રતમ્.

સાંતિ દાતા માતા, ત્રાતા ભ્રાતા જગ ગુરૂ.
કમળા[4] અચળા વાસા, આષા પુરણ સુખ કરૂ;
સબળા વિમળા નાણી, જાંણી મુજ કરૂણા કરો,
કોટા કોટી મારા, જરણા મરણા ભય હરો. ૧
અભર ભરણાં ભારી, ભકતી વચ્છળ અઘ[5]હરૂ,
ઋષભાદી વ્રધમાંના, કમાં તેં તે શિવ વરૂ ;
ઉરમે ધારી સરણો, નિસ[6] વાસર[7] મેં તુજ કર્યો,
વિમિં[8]આર્તિ સર્વે, કિર્તિ ગાવા ચિત ઠર્યો. ૨
કમળા કર[9]સમ શ્વામી, જ્ઞાનાબુંજ[10]સું ભર ભર્યો,
અનત ગુણ સમ લહીરો, લેવા મુજ મંન સંચર્યો;
સર[11]મધ્ય પંકજ[12]સોહે, દરસન પરસન મન મધુ[13]
તસ બાસેં જગ બાષે, નિસ દિન કૈળુ સીવવધુ[14] ૩

---

૧ આધાર કરનાર, ૨ અરો સત્રુ, ૩ ધરાઈને, ૪ લક્ષ્મી, ૫ પાપ ટાળનાર, ૬ રાત્રી, ૭ દીવસ, ૮ તજીને, ૯ સમુદ્ર, ૧૦ જળ, ૧૧ સરોવર, ૧૨ કમળ, ૧૩ ભમરો, ૧૪ વહુ.

મુજ સિર પર વર રાજે, ગાજે ત્રિગડે ગુણુ નિલો,
ધર્માદિક ગુણુ ધાંમી, ભુવન ત્રિપર સિર તિલો ;
નર સુર કોટા કોટી, ચોંટિ તુજ ભકિત તણી,
અભિગમ વિધી પંચે, અંગે નામેં તુજ ભણી. ૪
તુજ પદ પંકજ સાહું[1], ઝાંખુ સુર્તિ અભીનવી,
તુજવીણુ અવર ન મારે, અંતરદેવ ન જગસવી;
ભાવેં ભકતી ભાવું, ગાઉ આનંદ કંદને,
સત્ ચિદ આંનંદ બકશી, દેજો ઉમેદ ચંદ્રને. ૫

દોહા છંદ.

બોદ્ધ સર્વ રૂદિંય ધરી, કરજ્યો મન વિચાર;
જ્ઞાનાદિક ત્રીરત્નના, લેજો ફળ શ્રીકાર. ૧
જ્ઞાનિ જ્ઞાન જાણે ખરો, સમઝે અંતર ભેદ;
મુરખને નહી પારખ્યો, ઉલટો કરશે ખેદ. ૨
તે માટે ભવિ આતમા, સાંભળજો જીનવાણુ;
મિથ્યા ભ્રમ દુરે કરિ, કરો ધર્મ પહિચાણ. ૩
ધર્મ વિના ય આતમાં, ભમીયો ભવ અપાર;
સુર નર તિરયંચ નર્કમાં, રૂઝળ્યો એમ શંશાર. ૪
થાવરમાં થિર થૈ રહ્યો, ત્રસમાં ત્રાસ્યો આપ;
અવર્તિ પચખાંણુ નહી, બાંધી બોહોળા પાપ. ૫
કાળ અનંતો નીગમી, પાંમ્યો મનખ્યા દેહ;
સુત્રનો સુંણવો ભલો, સરધા નિર્મળ એહ. ૬

---

૧ પકડું.

બળ વિર્યે પુર્ષારથેં, પાળો વ્રત અભેદ;
જન્મ મર્ણથી છૂટવા, કરો કર્મનો છેદ. ૭
ધર્મિ ધરશે ધર્મને, કરે કર્મ પરિહાર;
ધન ધન ધરિયો ધર્મ તે, સફળ કર્યા અવતાર. ૮
ચેતાવ્યા ચેતે નહિ, જે નર બુદ્ધિ હિંણુ;
રાતામાતા પાતકિ, મટશે નૈ તે દીણ. ૯
રમણી નમણી રમણમાં, લખમી વસમી સાથ;
જે નર ભુલ્યા બાપડા, પડિયા જમને હાથ. ૧૦
ભૂલો મત ભવિ જીવ હવે, આગળ ભૂલ્યા તેમ;
ચેતાવે ગુરૂ જ્ઞાનથી, ચેતોને થેં કેમ. ૧૧
નિંદ્રા આળસ પરહરો, તજો પંચ પરમાદ;
વાંણિ જાણિ સરધજો, નિઃશ્ચે રાખો યાદ. ૧૨
જીન ચોવીશે તે મહિ, ચોદશેં બાવન વિર;
ગણધર આદે સંજતિ, ધર્યો ધર્મ ધર ધિર. ૧૩
શ્રમણી બ્રાંમી સુંદરી, ચંદનાદિક તસલાર;
જીનવાંણી રૂપ રંગથી, ઉતરી ભવ જળ પાર. ૧૪
શંખ પોખળી આદથી, આંણંદાદીક દશ;
શીતા કુંતા દ્રૌપદી, તરીયા લઇ જગ જશ. ૧૫
એ તીરથ ચારે ભલા, જીનવાંણિ ધરિ કાંન;
અનુભવસેં લઇ ચિંતમાં, સાધો આતમ કાંમ. ૧૬
તેમજ જૈની બંધુઓ, લેજો બોધ વિચિત્ર;
જાણિ અથિર શંસારને, કરજ્યો આપ પવિત્ર. ૧૭
ધન દિવસ ધન પોહોર છે. ઘડી પલ ધન જેહ;

સમકિત ગુણ સરધા તણો, સફળ ગણો સહુ તેહ. ૧૮
મરજી ઉમેદ ચંદ્રની, ધર્મ ગ્નાનની આસ;
સમળી સરધી પાળતાં, પડે ન કૂમત પાસ. ૧૯
સવંત ખંડ ભૂમિ તણો, બે બાવી ત્યાં શાલ;
મધૂ રતૂ માધે મળી, પુરણ ગ્રંથ સૂમાળ. ૨૦

પુસ્તક છપાવનાર તથા કર્તા વિષે મનહર છંદ.

ખંતી ભારી તપથી અંતર ભાવ લાભ લક્ષ,
લાવ લઈ ચંત હેવે આખે પ સનેહથી,
સદા લાડ મને નભ પ્રભુતા જપુ હું સર્વ
એક એક વરી લ્યોને નેક હેત છેહથી;
નિઠ નિઠ નર ભવ લઈ ન લગાડો દવ,
કરો ઘટે જેમ ભવસબ સરે જેહથી,
ઉદમેથી દનનીસ ચંપ લતા દળજીસે
વધે નાણુ દર સજયું કરો હિત તેહથી; ૧

સમાસ.

અગાઉથી આશ્રય આપેલ સદગ્રહસ્થોનાં મુબારક નામ.

ખંભાત ૮૭

૨૫ શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.
૧૦ શા. શીવલાલ સુંદરજી ધોળેરા વાળા.
૧૦ શા. ત્રીભોવનદાશ માણેકચંદ.
૫ શા. માણેકચંદ ફતેચંદ.
૫ ,, છોટાલાલ દોલતચંદ.
૨ ,, રતનચંદ ગણેશજી.
૨ ,, પોપટભાઇ વખતચંદ.
૨ ,, દોલતચંદ ભાણાભાઈ.
૨ ,, રતનચંદ મોતીચંદ.
૨ ,, ગુલાબચંદ જોઇતાચંદ.
૨ ,, કીલાભાઈ ગુલાબચંદ.
૨ ,, ભાઈચંદ ગુલાબચંદ.
૨ ,, ગુલાબચંદ નેમચંદ.
૨ ઠાકોર છગનલાલ અવલશંગ જૈન પાઠશાળાના માસ્તર. (હાલ પાંચમહા વ્રત ધારી મુનીરાજ)
૧ શા. દેવચંદ ખુશાલદાશ.
૧ ,, જેશંગભાઇ ફુલચંદ.
૧ ,, ડાહ્યાભાઈ ખીમચંદ.
૧ ,, વખતચંદ કશલચંદ.
૧ ,, માણેકચંદ શરૂપચંદ શેઠ.
૧ ,, કાલીદાસ કશલચંદ.
૧ ,, રતનચંદ ફુલચંદ.
૧ ,, ભગુભાઈ પ્રેમચંદ. જૈ. પા. સ. સેક્રેટરી
૧ ,, અનુપચંદ માણેકચંદ.
૧ ,, ડાહાભાઈ વજેચંદ.
૧ ,, મગનલાલ ડાહાભાઈ શોજીતરા.
૧ ,, છોટાલાલ કપુરચંદ ફેણાવ.
૧ ,, એનકુંવર નાથા જૈન કન્યાશાળાનીશિક્ષક.
૧ ભાવશાર. છગન મોતી.

ભાવનગર. ૧૨૦

૨૫ શ્રી જૈનધર્મ સુબોધ પ્રસારક સભા.

૬૦ શા. માણેકલાલ દીયાલજી વરતેજ સ્ટેશનના તાર માસ્તર.
૫ મા. મ. છ. ની કુંપની.
૨ ભાવસાર. નેમચંદ કુંવરજી.
૨ બદાણી. ગંભીર રામજી.
૧ ભાયાણી. વનમાળી હરજીવંન.
૧ ગાંધી. દુર્લભ ત્રીભોવન.
૧ શા વીઠ્ઠલ હરખજી.
૧ બદાણી. ગોવીંદજી શ્રીરાજ.
૧ શા. પ્રભુદાસ કકલ.
૧ ગાંધી. નાનચંદ જીવણ.
૧ દોશી. નથુ લક્ષમીચંદ.
૧ શા. કુબેર ગોબર.
૧ ,, ધંનજી દામજી.
૧ ,, પોપટ ઉજમશી.
૧ ગાંધી. દુર્લભજી ડાહ્યા.
૧ શા. ગીરધર વીરજી.
૧ ગાંધી. શામળજી પુરૂષોતંમ.
૧ ,, દામોદર બકોર.
૧ ,, મનોરદાસ પ્રભુભાઈ.
૧ શા. બેહેચર ગાંડા.
૧ શા. પીતાંબર કકલ.
૧ ગાંધી ગીરધર કુબેર.
૧ ભાયાણી. મોતીલાલ અજરામળ.
૧ સુખડીઆ, રૂપા વધા.
૧ શા. નરશી વીરજી.
૧ તલશાણીઆ. વ્રજલાલ અબજી.
૧ શા. ગાંડા વેલજી.
૧ મોદી ઓધવજી ટોકર.
૧ શા. મૂળજી ઠાકરશી.
૧ ,, પાનાચંદ જાદવજી.

લીંબડી. ૩

૨ રા. રા. ડોસાભાઈ ગોપાળજી કારભારી મુનસફ.
૧ શા. ખીમચંદ હુકા.

પાણશાણા. ૧

૧ સ્થાનક ખાતે હા. જીવણ શંઘજી.

રાપર. ૫

૧ મોરબી આ. પ્રેમચંદ પાનાચંદ.
૧ ,, જીવરાજ કરમચંદ.

૧ ,, નેમીદાશ તારાચંદ.
૧ મોરબી આ. જવેર ગોકળ.
૧ શા. ચત્રભુજ દીપચંદ

ગાંગડ. ૪

૪. રા. રા. હીરાચંદ વેલજી કારભારી.

ધાંધલપુર. ૩

૧ શેઠ. કાનજી નકા.
૧ ,, મુળજી હરખા.
૧ શેઠ. શીવલાલ ભાઈચંદ.

વણા. ૨

૧ ભાવસાર. અમરશી જેઠા.
૧ સંઘવી ત્રીકમ નથુ બાલાવાલા.

શાયલા. ૨

૧ રા. રા. માણેકચંદ તુલશીભાઈ. દીવાન સાહેબ.
૧ તલશાણીયા સુખલાલ ભાણજી. ન્યાયાધિશના સિરસ્તેદાર.

ધોલેરા બંદર. ૨

૧ ભાવશાર. પુરષોતમ દેવકરણ.
૧ ભાવશાર. અભેરાજ કાળુ.

વઢવાણ સીટી. ૫

૫ ગાંધી. આંપશી મકન.

રાજકા. ૩

૩ રા. રા. લાધાભાઇ શોભાગ્યચંદ.

અમદાવાદ. ૧

૧ શા. જમનાદાશ સાંકળચંદ.

સાનંદ. ૧

૧ શા. જીવણભાઇ પોપટચંદ

લાઠી ૬

૬ સ્થાનક ખાતે હા. નારણજી રાજપાળ.

ધોલેરા બંદર. ૮

૨ શ્રી જ્ઞાન પ્રબોધક જૈનદીપક સભાના મેમ્બરો.
૧ શેઠ. માણેકચંદ ખોડીદાસ.
૧ ગાંધી. ગુલાબચંદ પરશોતમ.
૧ શા. તરભોવન ઉજમશી.
૧ ,, અમરતલાલ કુબેરદાસ.
૧ ,, લક્ષમીચંદ દામોદર.
૧ ગાંધી. ધનજી ગણેશજી